


કિંમત ₹ ૫ માસિક

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૨૬ તારીખે ● સામાન્ય અંક : ૧૪૪ ● જૂન, ૨૦૧૮

પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ.શ્રી રાજાના સાંનિધ્યમાં યુ.કે. માં શિબિર


પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

અધિકમાસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ઉજવાયેલ વિવિધ ઉત્સવો





શ્રી ન.ના.દેવનો પાટો.



ક્ષેત્રજ્ઞ સ્નાન





રંગ મહોલ અભિષેક





અક્ષર ભુવન અભિષેક



હવેલીમાં વસંત પંચમી ઉત્સવ



સમૂહ મઢા પૂજા



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● અંક : ૧૩૪

જૂન-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)



અ નુ ક્ર મ ણિ કા

૦૧.	અસ્મદીયમ્	૦૪
૦૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૦૫
૦૩.	સમૈયો	૦૬
૦૪.	શરણે આવ્યો છું	૦૮
૦૫.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો	૧૧
૦૬.	કચ્છ સરહદે હનુમાનજી મંદિરનું ખાતમુર્હૂત	૧૪
૦૭.	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી	૧૫
૦૮.	સત્સંગ બાલવાટિકા	૧૭
૦૯.	ભક્તિ સુધા	૨૩
૧૦.	પ્રશ્નપેટી	૨૭
૧૧.	સત્સંગ સમાચાર	૨૮

સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Mo. : 9099098969
magazine@swaminarayan.in
www.swaminarayan.in
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

अस्मदीयम्


પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અધિક પુરુષોત્તમ જેઠ માસમાં આખા વરસ દરમ્યાન આવતા આપણા ઉત્સવો તિથિ પ્રમાણે ભવ્યતાથી ઉજવાયા. જેમાં હરિભક્તોએ યજમાન બની મહા અલૌકિક લાભ લઈ પોતાનું જીવન અતિ કૃતાર્થ કર્યું છે. આપણે તો રોજ સમૈયો જ છે. કારણ કે શ્રી નરનારાયણદેવના દરબારમાં રોજ ઉત્સવ કીર્તન ભક્તિ શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ દ્વારા થાય છે. આપણું ઓચ્છવ મંડળ શ્રીહરિના સમયથી અવિરત ચાલું છે. ક્યારેક સમય લઈને ઓચ્છવમાં બેસજો તો ઓચ્છવ કરવાનો જે આનંદ છે તે પ્રત્યક્ષ અનુભવાશે. પ્રત્યક્ષ સાક્ષાત્ ભરતખંડના રાજાધિરાજ બિરાજમાન હોય અને તેઓની સમક્ષ આવા ઉત્સવ થતા હોય તે તો કાંઈક અલૌકિક હોય છે. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી આપણા શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળને ખૂબજ પ્રોત્સાહિત કરે છે. કારણ આ આપણી પરંપરા અને ધરોહર છે. જેનું આપણને ગૌરવ અને ગરિમા છે. ઘણા હરિભક્તોને જેનો ખ્યાલ ન હોય જેથી આપણા સંપ્રદાયની આવી પરંપરાને જાણવી અને ઓળખવી.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૧૮)



૧	શ્રી સ્વા. (બહેનોના) ગામડી મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨-૩	ભુજ (કચ્છ) દહીંસરા પધરામણી.
	ભુજ (કચ્છ) પ્રસાદી મંદિર પાટોત્સવ અભિષેક પ્રસંગે પધરામણી.
૫	શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬	ધૂડકોટ ગામે (હાલાર-મૂળી દેશ) કથા પ્રસંગે પધરામણી.
૭	શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૯	ખારવા (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૦	શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ (મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૨	મેડાનામુવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૬	શ્રી સ્વામિનારાયણ મંદિર વણઝર અને મોટી આદરૂજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭	શ્રી સ્વામિનારાયણ મંદિર સંતરામપુર કથા પ્રસંગે પધરામણી.
૧૮	અધિક માસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
૨૦	શ્રી સ્વામિનારાયણ મંદિર હિરાવાડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
	શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ રોડ) ઘાટલોડીયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ થી ૩૦	અમેરિકા આઈ.એસ.એસ.ઓ.ના મંદિરના પાટોત્સવ અને સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૧૮)



૭	શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડાલ (તા. કડી) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૮	શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ (મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૯	શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮	અધિક માસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
૨૦	શ્રી સ્વામિનારાયણ મંદિર આદરૂજ કથા પ્રસંગે પધરામણી.
૨૨	શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા પધરામણી.
૨૩	અધિક માસ નિમિત્તે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર અક્ષરભુવન શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોચાર અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
૨૪ થી ૨૯	યુ.કે. ધર્મ પ્રવાસ
૨૬	શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર અને વિલ્સડનલેન પધરામણી.
૨૭	શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ અને હેરો પધરામણી.
૨૮	શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન અને વુલવીચ પધરામણી.



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

એકવાર શ્રીજી મહારાજ વડતાલને વિષે પ્રબોધનીનો સમૈયો કરવા પધાર્યા. દેશદેશાન્તરના હરિભક્તો અને સંત વર્ણી પાર્ષદ આદિ આવ્યા, તે સભામાં ઉપદેશ આપતાં શ્રીહરિ બોલ્યા જે ''સર્વે સંત મંડળ, બ્રહ્મચારી, સાંખ્યયોગી, હરિભક્ત બાઈ-ભાઈ તે સાંભળો ! અમે બે સમૈયાનો નિરધાર કર્યો છે. તે એક કાર્તિક સુદી એકાદશી પ્રબોધની કહેવાય છે ને બીજો ચૈત્ર સુદી નવમી રામનવમી ને દિવસ સર્વે હરિભક્તો આવજો. તે સમૈયો કાં તો અમદાવાદમાં નરનારાયણના મંદિરમાં કરીએ, કાં તો ગામ વડતાલમાં લક્ષ્મીનારાયણના મંદિરે કરીએ. માટે હવેથી સર્વે વગર તેડે આવજો ને કંકોતરી નહિ લખીએ. એમ અમારી તમો સૌને આજ્ઞા છે. વળી બીજા દિવસે શ્રીહરિએ વાત કરી કે, પૂનમે પૂનમે હરિભક્ત સત્સંગી તમોએ લક્ષ્મીનારાયણ - નરનારાયણનાં દર્શન કરવા આવવું અને જે બાઈ ભાઈ એવું નિયમ રાખશે તે અન્ન વસ્ત્રે કરીને દુઃખી નહિ થાય. માટે જેણે પૂનમનું નિયમ રાખવું હોય તે બોલો ! પછી તે સમયે ઘણાક હરિભક્ત બાઈ-ભાઈએ નિયમ રાખશું એવું બોલ્યાં, ત્યારે શ્રીજી મહારાજ રાજી થયા અને બોલ્યા જે, જેના દેશમાં શિખરબધ્ધ મંદિર હોય તેણે ત્યાં દર્શન કરવા જાવું. અને જ્યાં જ્યાં મંદિરો કરાવ્યા છે અને હવે પછી કરાવશું એમાં જે જે મૂર્તિઓ પધરાવી છે તેનાં દર્શન કરવા પૂનમે પૂનમે જાવું એમ અમારી આજ્ઞા છે. (સ્વામિનારાયણ વિચરણ લીલામૃતમાં) પ્રસાદાનંદ સ્વામીએ આ વાત નોંધી છે.

વચનામૃત ગ.પ્ર.-૩ માં શ્રીજીમહારાજ બોલ્યા જે; તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષો વર્ષ ઉત્સવ કરીએ છીએ, તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય તેને પણ જો એમની અન્તકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય. વળી શિક્ષાપત્રી શ્લોક-૧૫૬ માં કહ્યું કે, ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારના દાન દેવાં.

ઋતુ, માસ, તિથિપર્વ વ્રતવારને અનુરુપ નિત્ય નૈમિત્તક પ્રસંગમાં ષોડશોપચાર પૂજન અને વાજીંત્રો સહિત કીર્તન કરવા તેને ઉત્સવ કહેવાય અને જે પ્રસંગમાં નિત્ય નૈમિતક પૂજન-હવન-કથા-કીર્તન-વ્રત-દાન-ભોજન-દર્શનના આયોજન થાય અને તેમાં ધર્મકુળ,

બ્રહ્મચારી, સાધુ, પાળા, સત્સંગી બાઈ-ભાઈ આવે તેને સમૈયો કહેવાય.

શ્રીહરિ પ્રબોધિની-ફુલડોલ, વસંત પંચમી - રામનવમી - જન્માષ્ટમી, અન્નકૂટ જેવા મોટા મોટા સમૈયાઓ કરતા તેમાં સર્વે હરિભક્તો અને સંતોને તેડાવતા. આપણા સંપ્રદાયના સંસ્કૃત-પ્રાકૃત-કાવ્ય-ઈતિહાસ વાર્તા ગ્રંથોમાં અવલોકન કરીએ તો લગભગ ત્રણ ભાગમાં માત્ર ઉત્સવ સમૈયાનું વર્ણન કરેલ છે. શ્રીહરિ સમકાલીન અને પછીના સમયમાં તથા હાલના સમયમાં ઉત્સવ સમૈયામાં અનંત જીવ ભગવાનના યોગમાં આવ્યા અને તેનો ખૂબજ સમાસ થવા પામ્યો. જેથી પાત્ર-કુપાત્ર જીવ ભગવાનના શરણે આવ્યા છે. શ્રીજીમહારાજે જગતના પાપી-જીવને માત્ર સત્સંગમાં જન્મ મળે તેવી ભાવનાથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને મંડળ સહિત-વૌઠાના જેવા અનેક મેળામાં મોકલ્યા હતા. શ્રીહરિ કહે હે સંતો મેળામાં ઝાડ નીચે બેસજો. તમારૂ કોઈ દર્શન કરશે કે સ્વામિનારાયણ સાધુ બેઠા છે એમ બોલશે તોય તેના પાપ બળશે અને સત્સંગમાં નવો જન્મ મળશે.

ઉત્સવમાં આમંત્રિત આવે અને સમૈયામાં સૌ કોઈ આવે. મહારાજના સમયમાં સમૈયામાં બોલાવે તોય ના આવે અને રોકાવાનું કહે તોય રોકાય નહિ તેના પર શ્રીહરિ નારાજ થઈ જતા. તેવા હરિભક્તના દેશકાળ પણ વિપરિત થઈ જતા. ભક્તોના દેહ-ગેહ-ધનનું રક્ષણ કરવા કેટલાકને ઘર વખરી લઈને સમૈયામાં તેડાવતા. વળી કોઈકની પાસે ધન પણ માગતા આપે ખૂબ રાજી થાય અને કપટ રાખે તો રિસાઈ જાતા. જેમાં બધા સાધનો સમાય તેને સમૈયો કહેવાય. સમૈયામાં આવતા સત્સંગી-સંતોની વ્યવહારની ખબર અંતર પૂછતા. કોઈના પર રાજી થઈને શિરપાવ વળી દેતા.

આજે પણ સમૈયાઓમાં મહારાજ છતાનો આનંદ મળે છે. શ્રીહરિ ધર્મકુળ સ્વરૂપે સમૈયામાં દર્શન આપીને ભક્તોની ભાવના અંગીકાર કરે છે. વળી દિવ્ય સ્વરૂપે મહારાજ સમૈયામાં વિચરણ કરતા હોય છે. હરિભક્ત ઘરેથી રવાના થાય ત્યારથી લઈને ઘરે પરત પહોંચે ત્યાં સુધી ભગવાન ભેળાને ભેળા હોય. દિવ્ય સ્વરૂપે સમૈયામાં ભક્તનું રક્ષણ કરે. દરેકને સંગાથ આપે. ભગવાન સાધુ મંડળ ભેળા સાધુ થઈને રહે. હરિભક્તે ભેગા હરિભક્ત, ભાઈ ભેગા ભાઈ, બાઈ ભેગા બાઈ, યુવાન ભેગા યુવાન વૃધ્ધ ભેગા વૃધ્ધ, શ્રોતા ભેળા શ્રોતા સેવા કરનારા સાથે સેવક, જમતા ભેળા પંગતમાં જમે. કીર્તન ગાતા ભેળા ગાય, ધૂન કરનારા ભેળા ધૂન કરે. પિરસનારની સાથે પિરસે. સફાઈ કરનારાની સાથે સફાઈ કરે દાતાઓની સાથે દાન કરે, સન્માન થતું હોય ત્યાં સન્માન લેવા પણ જાય. રસોઈ કરવાવાળાની સાથે રાંધવા લાગે. ખૂટતા અન્નધન લાવી આપે. પૂજા સ્વીકારે અને પૂજન કરવા ભેળા પણ બેસે. એઠાં વાસણ તો શ્રીહરિ જ માંજવા બેસે. કોઈ દુષ્ટમતિજન વિઘ્ન કરવા આવે તો તેને ડરાવીને કાઢી મુકે, જ્યાં જ્ઞાનવાર્તા થાય ત્યાં બેસી જાય અને જ્યાં ગ્રામવાર્તા થાય ત્યાંથી નીકળી જાય. શ્રીહરિ સાથે મુક્તો અને દેવો પણ મનુષ્યરૂપે સેવામાં આવે.

જેમ ગુપ્તચર વ્યક્તિની રીતે જાણવી કઠણ છે તેમ સમૈયામાં શ્રીહરિને જાણી નહિ પણ માંણી શકાય છે. ''જ્યાં હોય મેળો ત્યાં સ્વામિનારાયણ ભેળો.'' એવી સત્સંગમાં કહેવત પડી છે. માટે સમૈયામાં જરૂર જરૂર જવું. સમૈયા સિવાયના દિવસોમાં ભગવાનનાં દર્શન થાય પણ સંતો-ભક્તોનાં દર્શન ભીડમાં રહેલા ભગવાનનાં દર્શન નહિ થાય. શ્રીજી મહારાજના ઐશ્વર્યના દર્શન તો સમૈયામાં થાય. વળી ઉત્સવ સમૈયામાં ભગવાનના ભક્તને તન, મન, ધન વડે સેવા કરવાનો યોગ મળે તે સેવા આદર પ્રત્યક્ષ અંગીકાર કરે. વળી તે ઉત્સવની શોભા-રચના-શણગાર ભવ્યતાની સાથે દિવ્ય હોવાથી તેના આકર્ષણથી પામર વિષયી જીવ આવે અને તેને સમૈયાની ભવ્યતાનો ગુણ આવે તો તેના કોટી જન્મના પાપ બળીને ભસ્મ થઈ જાય. વળી તે જીવ બીજાની પાસે સમૈયાના ગુણગાન ગાય અને તેને કોઈ સાંભળે તો સાંભળનારાં જીવનું પણ રૂડું થાય. વળી સમૈયાનો જમણવાર પણ રાજાશાહી જેવો બનાવવામાં આવે છે અને જમનારો સ્વાદ લઈને પણ જો જમણ વખાણે તોય યુક્તિ પ્રયુક્તિથી પણ મહારાજનો ગુણ આવે તો પણ ભવબંધન છૂટે છે.

શ્રીહરિના સમકાલીનમાં મહારાજને મળવાનું ઠેકાણું સમૈયો હતાં. સંતો-હરિભક્તો સમૈયાની વાટ જોઈ રહેતા હવે ક્યાં સમૈયો થાય અને જલ્દી દર્શન ભેળા થવાય. જે કોઈ જીવ સમૈયાની વાહ વાહ કહેતા ગુણગાય તેને ભગવાન અન્તઃકાળે તેડવા પણ આવે છે.

શ્રીજી મહારાજના સમયમાં મહારાજને સંતોને હરિભક્તોને મળવું હોય તો ભક્તો સમૈયામાં આવતા.



શરણે આવ્યો છું

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

स्वामिनारायणदेवं शरणं व्रजामि । शरणं ॥ ध्रुवपदम् ॥
भक्तिधर्मसुप्रियतमबालम् । मायाकालमहाविकरालम् ।
सदाश्वेताम्बरशालं भवन्तं भजामि ॥ शरणं...॥१॥
सकलशास्त्रनिगमागमसारम् । वर्णिवेषरमणीयमुदारम् ।
शरणागतपातकहारम् शरणाम्यम नमामि ॥ शरणं...॥२॥
कोटिमदनमोहनसुखरुपम् । सुरनरवरमुनिवरभूपम् ।
जानसुधारसकूपम् सततं स्मरामि ॥ शरणं...॥३॥
ब्रह्मरुपमुनिवन्दितपादम् । संहृतसंश्रितसर्वविषादम् ।
वादिजनखण्डिवादम् प्रपन्नोभवामि ॥ शरणं...॥४॥
हित्वा राजसतामसदेवम् कार्य हरिपदशरणमित्येवम् ।
निष्कामानन्दजनोऽहं शतशो वदामि ॥ शरणं...॥५॥
॥ निष्कामानन्दवर्णिविरचितं शरणस्तोत्रं समाप्तम् ॥

આપણા આ ઉદ્ધવસંપ્રદાયમાં અર્થાત ભગવાનશ્રીસ્વામિનારાયણે સ્વયં પ્રવર્તાવેલા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિના સમયમાં જ તેમના પ્રગટ પ્રમાણ પ્રત્યક્ષ વિચરણ કરતા મનુષ્યાકૃતિ ધારી સ્વરૂપની ઉપાસના અને ભક્તિ હજારો અને લાખો ભક્તોએ કરવાનો પ્રારંભ કરી લીધો હતો તેમાં વિદ્વાનો, મહાપુરૂષો સંત મહાત્માઓ અને કવિઓ સંગીતકારોની સાથે સાથે રાજા મહારાજાઓ પણ તેમના પ્રત્યક્ષ દર્શન અને નામ જપ કરતા હતાં અને પ્રાર્થના કરતાં હતાં શરણે આવતાં હતાં. તે શરણાગત ભક્તો સંતો અને કવિઓ અન્યને પણ શરણાગત થવું તો કોનું થયું તે સાચું અને સત્ય માર્ગદર્શન જનસમાજને આપતાં હતાં તેમાં પ્રાકૃત ભાષાના કવિઓ છન્દ દોહા ચોપાઈ અને કીર્તનોના પદો ની રચના કરીને જાગૃતિ લાવતાં હતાં. તેવી જ રીતે વિદ્વાનોના સમુદાયમાં સંસ્કૃત ભાષાના ગ્રન્થો શ્લોકો અને અષ્ટકોની રચના કરીને પોતાના સ્વાનુભુત

અભિપ્રાયને જણાવતા હતાં અને તેનું અનુસરણ કરવા પ્રેરતા હતાં. તેવી જ એક પ્રેરણાદાયક અષ્ટકની રચના નિષ્ઠામાનન્દવર્ણીની છે જે જીવ માત્રને શરણ સ્વીકારવા જેવા તો એક દેવ ભગવાનશ્રીસ્વામિનારાયણ જ છે. તે સમજાવવા માટે તેમણે જે સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કરેલ છે તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

स्वामिनारायणदेवं शरणं व्रजामि । शरणं ॥ ध्रुवपदम् ॥

भक्तिधर्मसुप्रियतमबालम् । मायाकालमहाविकरालम् ।

सदाश्वेताम्बरशालं भवन्तं भजामि ॥ शरणं...॥१॥

આ સંસારમાં જે જીવાત્માને મનુષ્યનું શરીર પરમેશ્વરની કૃપાથી મળેલ છે, તે દેવતાઓને પણ મળવું ઘણું કઠણ છે. તેવા મૂલ્યવાન દુર્લભ મનુષ્ય દેહે કરીને પોતાના જીવાત્માનું શ્રેય અર્થાત આત્યન્તિક કલ્યાણ રૂપ મોક્ષ મેળવી લેવો તેજ સર્વશ્રેષ્ઠ માનવ માત્રનું કર્તવ્ય છે. તે કર્તવ્યને પૂર્ણ કરવા સત્યુગમાં મુનિઓ મૌન ધારણ કરીને તપશ્ચર્યા કરતાં જેથી તેમના મનોરથો પૂર્ણ થતાં. ત્રેતાયુગમાં મોટા મોટા યજ્ઞો કરતાં અને સ્વ ઈચ્છિત ફળ મેળવતાં હતાં. દ્વાપરયુગમાં વૈદિક મંત્રોનો જપ કરીને મોક્ષ રૂપી સિદ્ધિ મેળવી લેતાં હતાં. પણ આ ભયાનક કળિયુગમાં માનવી પાસે એવા તપ યજ્ઞ કે જપ કરી શકે તેવી શક્તિ સામર્થ્ય રહ્યું નથી. જ્યારે પોતાની પાસે કોઈ પણ પ્રકારની શક્તિ સામર્થ્ય ન હોય ત્યારે કોઈ એવા સમર્થનો આશ્રય શોધવો રહ્યો જે પોતાના જીવાત્માને આત્યંતિક મોક્ષ અપાવી શકે . એવા સમર્થને યોગ્ય તો એક પરંબ્રહ્મ પરમેશ્વર પરમાત્મા ભગવાન શ્રી પુરૂષોત્તમનારાયણ સિવાય બીજુ આ અનન્તકોટી બ્રહ્માંડમાં કોણ છે ? માટે તે પરમેશ્વરનો આશ્રય કરવો એજ આ કળિયુગમાં સરળ સાધન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગના જીવોના ઉદ્ધાર માટે સ્વયં મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયા છે તે સાક્ષાત્ શ્રી પુરૂષોત્તમનારાયણ છે અનન્તકોટી બ્રહ્માંડોના નિયન્તા અને સ્વામી છે. માટે તેમણે પોતેજ પોતાનો દિવ્ય ષડક્ષરી મહામંત્ર આ યુગમાં પ્રગટ કર્યો છે . સ્વામિ એટલે અધિપતિ માલિક નિયન્તા રાજાધિરાજ જેમ જગતમાં કોઈ એક ગામ કે ખેતર કે મકાનનો હોય છે તેમ અનન્તકોટી બ્રહ્માંડોના જે માલિક અધિપતિ નિયન્તા છે તે નારાયણ છે તેથી સ્વામિનારાયણ એવા શાસ્ત્રીય નામથી જે પરમેશ્વરનું સ્મરણ કરવામાં આવે તે હે પરમાત્મા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ હું તમારો શરણાગત છું. કારણ કે શરણું સ્વીકારવા યોગ્ય કોઈ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો. માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૧)

सकलशास्त्रनिगमागमसारम् । वर्णिवेषरमणीयमुदारम् ।

शरणागतपातकहारम् शरणम्यम नमामि ॥ शरणं...॥२॥

જગતના પ્રસિદ્ધ બધા જ શાસ્ત્રોનો સાર એ જ છે અને નિગમ શાસ્ત્ર વેદો જેને અપૌરૂષેય કહેવાય છે, અર્થાત જેની રચના કે લેખન કોઈ પુરૂષે કરેલ નથી પણ સમાધિમાં ગયેલા સિદ્ધયોગીઓએ પરસ્પરની દિવ્યવાણી સાંભળીને સમાધિમાંથી જાગૃત થઈને પોતાના શિષ્ય સમુદાયને સમાધિનો જે અનુભવ કહ્યો છે તે વેદ વાણી એટલે કે વેદની શ્રુતિઓ નો સાર અને મોટા મોટા સમાધિનિષ્ઠ વિદ્વાનોએ તે ગૂઢ રહસ્યોને સમજાવવાનો જે પોતે સમજ્યા છે તે જગતને જણાવવાનો પ્રયત્ન કર્યો છે તે સર્વનો સાર એજ છે કે બટુક વર્ણીના જેવો વેષ ધારણ કરીને ઉદારતાપૂર્વક જગતના જીવપ્રાણી માત્રના આત્યન્તિક મોક્ષ રૂપી મહાન હિત માટે બદ્રિકાશ્રમ ધામમાં તપનું આચરણ કરતાં એવા આપના શરણે જે અધમમાં અધમ પાપીમાં પાપી જીવ આવે તેના બધા જ પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ ત્રણેય પ્રકારના પાપોને હરિ લોશો અર્થાત તેના પોપોનો નાશ કરીને તે જીવને મોક્ષના માર્ગે પ્રેરો છો, તેથી શરણું સ્વીકારવા યોગ્ય કોઈ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૨)

कोटिमदनमोहनसुखरुपम् । सुरनरवरमुनिवरभूपम् ।

जानसुधारसकूपम् सततं स्मरामि ॥ शरणं...॥३॥

આ બ્રહ્માંડમાં મનુષ્ય શરીર ધારણ કરીને પ્રગટ થયા છો તે તમારૂ મનુષ્યનું દેહ પણ કેવું સુંદર રૂપાળુ છે કે જે કરોડો કામદેવના રૂપને એક સાથે ભેળા કર્યા હોય તોય પણ તેના રૂપપણાના મદને ગર્વને નાશ કરી નાખે તેવું રૂપવાન છે અને સદા સુખ રૂપ છે, સાધારણ મનુષ્યનું શરીર રૂપાળુ તો હોય પણ તેમાં ક્યારે દુઃખ દાયક રોગોની

પીડા વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આવી પડે તેનો કોઈ નિરધાર ન હોય, જે આપમાં ક્યારેય સંભવિત નથી. તેના કારણે જ મોટા મોટા દેવાધિપતિઓ, ઈન્દ્રાદિક મનુષ્યાધિપતિઓ, રાજામહારાજાઓ અને મૌન ધારણ કરીને વનમાં તપ કરનારા મુનિઓમાં અતિ શ્રેષ્ઠ મુનિઓ પણ તમારા આ સ્વરૂપનું સતત સદા સ્મરણ કરે છે. તમારા દિવ્ય મુખ કમળમાંથી પ્રવાહિત થયેલ અમૃત જેવા જ્ઞાનના પ્રવાહમાં જાણે અખૂટ મીઠા જળનો કૂવો હોયને તેમાંથી સતત જળ પ્રવાહ વહેતો હોય તેમ વચનામૃતોનું જ્ઞાન અવિરત વહ્યા કરે છે. તેનું હું સદા સ્મરણ કરું છું, તેથી શરણું સ્વીકારવા યોગ્ય કોઈ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો. માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૩)

ब्रह्मरुपमुनिवन्दितपादम् । संहृतसंश्रितसर्वविषादम् ।
वादिजनखण्डवादम् प्रपन्नोभवामि ॥ शरणं...॥४॥

સ્થૂળ સુક્ષ્મ અને કારણ આ ત્રણેય શરીરથી પોતાના આત્માને જુદો કરીને સદા બ્રહ્મ સ્થિતિમાં નિમગ્ન રહેનારા બ્રહ્મરૂપ મુનિઓના મંડળ પણ આપના ચરણને સદાસર્વદા વંદન કરે છે , આ ભયાનક કળિયુગમા જે તમારા શરણે આવે છે તેના બધા પ્રકારના મનના સંશયોને અને જન્મ મૃત્યુના દુઃખોના ભયનો જે હૃદયમાં વિષાદ ભર્યો છે તેનો તત્કાળ જ નાશ કરો છો. તમારી પાસે શાસ્ત્રનો વાદ વિવાદ કરવા કોઈ પંડિત કે જગતનો સાધરણ માણસ આવે તેના સર્વ વિવાદોનો ખંડન કરીને સત્ય વાતને સમજાવો છો, તે જોઈ સમજી વિચારીને હું તમારો શરણાગત થયો છું , કારણ કે શરણું સ્વીકારવા યોગ્ય કોઈ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૪)

हित्वा राजसतामसदेवम् कार्य हरिपदशरणमित्येवम् ।
निष्कामानन्दजनोऽहं शतशो वदामि ॥ शरणं...॥५॥

જગતમાં રાજસ કામનાઓ પૂર્ણ કરતાં દેવતાં જેમ કે કોઈને ધન સંપત્તિ, પુત્ર કલત્ર આપનારા સ્થાનો અને તામસ કામનાઓ પૂર્ણ કરતાં સ્થાનો, કોઈને શત્રુઓ ઉપર વિજય શત્રુનો નાશ, વિષય ભોગની પ્રાપ્તિ કરાવતાં સ્થાનોનો ત્યાગ કરીને વિચારવાન સમજુ જ્ઞાની મનુષ્યોએ કેવલ ભગવાન શ્રીહરિનું જ એક શરણ સ્વીકારવું જોઈએ તેમ બુદ્ધિમાન મનુષ્યોનું કહેવું છે. તેથી હું નિષ્કામાનન્દ વર્ણી જગતના જીવ માત્રને કહું છું કે જેના હૃદયમાં કોઈ જગતની કામના નથી તેવા નિષ્કામ મનુષ્યોએ તો ભગવાન શ્રીસ્વામિનારાયણના જ શરણમાં આવીને સો સો વાર વંદન કરવું જોઈએ. કારણ કે શરણું સ્વીકારવા યોગ્ય કોઈ હોય તો તે માત્રને માત્ર આપ જ શ્રીસ્વામિનારાયણ દેવ અર્થાત ભગવાન છો. માટે હું તમારા શરણમાં નમ્રતા પૂર્વક આવીને નમસ્કાર કરું છું. મારો સ્વીકાર કરો. (૫)

હરિભક્તોને સૂચન

સર્વે હરિભક્તોને ખાસ જણાવવાનું કે, આપના ઘરમાં આપણા સંપ્રદાયમાં ઉત્સવ-સમૈયા પ્રસંગે શ્રીહરિના સ્વરૂપ મૂર્તિઓ, પુસ્તકો અવાર-નવાર ભેટ રૂપે મળેલા હોય છે. જે અંગે આપ પણ તેનો કેમ ઉપયોગ થાય તેવું વિચારતા હશો. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ખાસ સૂચન છે કે આપના ત્યાં વધારાની સંપ્રદાય માન્ય તમામ મૂર્તિ, ફોટા, પુસ્તક આદિ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીસ્વામિનારાયણ માસિક કાર્યાલયમાં મોકલી આપશો. જેથી જેનું પુનઃ રિસાઈકલીંગ પ્રોસેસ કરી પ્રસંગોપાત અન્ય નવા મુમુક્ષુઓને ભેટ આપવામાં આવશે. સંપર્ક : મો. : ૯૦૯૯૦૯૮૯૬૯

આજ્ઞાથી
મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો



- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ (ઓસ્ટ્રેલીયા) ૫ માં પાટોત્સવ પ્રસંગે : સાડા આઠ વાગ્યા છે. અક્ષરપ્રકાશ સ્વામીને અમેં કહેલું કે વઘાર છેલ્લે રાખજો. કારણ કે વહેલો વઘાર થાય એટલે તેની સુગંધથી ભૂખ ઉઘડે. આપ સૌને મળીને ખૂબ આનંદ થયો. આ પ્રસંગે બે વાત ટૂંકમાં કહીશ. પહેલી વાત. આપણા યુવકોએ સ્થાનિક કોમ્યુનિટીમાં જે **Food Drive** ની પ્રવૃત્તિ કરી, તે માટે જેમને પણ વિચાર આવ્યો, પ્રેરણા કરી તે જરૂરી છે. તેનાથી પ્રથમ તો અહીંની લોકલ કોમ્યુનિટીમાં આપણી સંસ્થાની **Equity** વધશે અને બીજું મહારાજે આપણને શીખવાડ્યું છે કે માણસાઈ ક્યારેય ભૂલવાની નથી. અનાથાશ્રમ અંગે ઘણાની જિજ્ઞાસા હતી તો તે માટે પણ આ જ બાબત લાગું પડે છે.

લંગાટા જ્યારે અગાઉ અમે આવેલ, ત્યાં અમારી બેગ રહી ગઈ હતી. સભામાં કોમન ડ્રેસમાં અમે આવ્યા. મહંત સ્વામી અને બીજા સંતો કહે, આમ કેમ ? અમેં કહ્યું, બેગ ન આવે તો શું કરું એ ? તે એર લાઈનનું નામ નથી આપતો, પરંતુ બીજી વખત આવો અનુભવ થયેલો ત્યારથી નક્કી કર્યું કે મફત ટિકિટ તો શું પરંતુ જીંદગીમાં પગ ન મૂક એ ! ૧ જોડી કપડા, ઝભ્ભો અને ધોતિયું પહેરેલું. સાથે બે ભગત - પાર્ષદો હતા. પરિસ્થિતિ એ થઈ કે સવારની સભા તો પૂરી થઈ પરંતુ બપોર પછીની સભામાં જવા માટે એજ પહેરેલા કપડાની જોડીને રિસાયકલ કરવાના, તેને વોશ કરવાના, ડ્રાય કરવાના અને ઈસ્ત્રી ફેરવવાની. ભગવાનને કરવું ને ત્યારે ઠંડી પણ વધારે હતી. નહીં તો ત્યાં એક સમયે એટલી વધારે ઠંડી ન હોય. **ત્યારે અમેં સભામાં કહેલું અને આજે પણ કહીએ છીએ કે જેઓની પાસે ૧ જોડ કપડા હશે તેનું ધ્યાન રાખજો.** જેની પાસે છે તેને અતિરેક છે. જે હોય તેને **Granted** (બક્ષિસ)માં ન લેવું. ભગવાને દીધું છે તો પોતાના માટે વાપરવાની ના નથી પરંતુ એ ક્યારેય ન ભૂલીએ કે જગતમાં ઘણા એવા મનુષ્યો પડ્યા છે કે જેઓને ખરેખરી જરૂરિયાત છે. તો જે યુવાનોને આ **Food Drive** નો સંકલ્પ થયો હશે તેઓને આપણે સૌ સાથ આપીએ અને તાળીઓથી વધાવીએ.

આ વિનુ ગઈકાલે ઘડિયાળ મૂકી ગયો હતો. અમે જોયું તો સેકન્ડ કાંટો તો ફરતો નહોતો. ઘડિયાળમાં સેલ ક્યાં છે ? અમારા માટે તો ઘડિયાળના ચકરડા કરતા તે ટાઈમ દર્શાવે છે એ મહત્વનું છે. ઘડિયાળ અમને ટાઈમના હિસાબે ગમે છે, શોખ છે. ઘડિયાળની કિંમત તે કઈ બ્રાન્ડની છે તેનાથી નથી પરંતુ ટાઈમના હિસાબે અંકાય છે. **ઘડિયાળનો જે સેકન્ડ કાંટો ફરે છે તેનાથી આપણા જીવનની એક એક સેકન્ડ ઓછી થાય છે એ યાદ રાખવું.** તો વિનુ, તુ માત્ર દેખાડવા માટે જ ઘડિયાળ લાવ્યો છે ? સેલ તો નાંખી દે ! (રમૂજ)... બેટરીનું સૂચન.... કઈ બેટરી ? અમારી પાસે ક્યાં કોઈ બેટરી જ છે ? **અમારી બેટરીનો પાવર ત્યાંથી (શ્રીહરિ પાસેથી) આવે છે. માટે બધુ ઓટોમેટીક ચાલે છે !** સાચુ કહું છું. હમણા ભગતે કહ્યું, મહારાજશ્રીની આજ્ઞામાં રહેજો. મહેરબાની કરજો. અમારી આજ્ઞા કોઈ અલગ છે જ નહિ

! **ભગવાનની આજ્ઞામાં રહેજો એટલે બધું આવી ગયું. બહુ નિખાલસ પણે કહું છું. મહારાજે ૨૧૨ શ્લોક લખ્યા તેમાં આપણા ભાગે પાળવાના કેટલા આવે ? મહારાજે કહ્યું. અમારા વચનમાં રહેશો તો સુખી થશો. અમારી વાણી એ અમારું સ્વરૂપ છે. જે આજ્ઞામાં રહેશો તેને ક્યારેય અન્ન, ધન, વસ્ત્ર અને આબરુથી દુઃખી નહી થવા દઈએ. એટલું જ નહિ પરંતુ મોટું સુખ આપીશું.** આપણી બુદ્ધિ બહુ સિમિત છે. ઘણાને એમ થાય કે અમે સોફા ઉપર બેઠા છીએ. આ વક્તા સંત વ્યાસપીઠ પર બેઠા છે માટે બહુ સુખ છે. આ તો અમારા અનુભવની ઈન્ટરનલ વાત છે કે વ્યાસપીઠ પર બેસવું એ કેટલું તપ છે, કેટલા સજેશન આવતા હોય છે, આમ થવું જ જોઈએ ! હા ભાઈ ! બધું થઈ જશે.

અમારો વ્યક્તિગત એજન્ડા કંઈ નથી. એક જ એજન્ડા છે કે ભગવાન રાજી થાય. અને આપણો આ પરિવાર જોડાયેલો રહે. અમે અને આગેવાન હરિભક્તો બેઠા હતા ત્યારે અમેં એ વાત કરી કે, અમારે વહીવટ સાથે કોઈ લેવડ દેવડ નથી, કોઈ વસ્તુ સાથે નથી. **અમારે સિધ્ધાંત સાથે લેવડ દેવડ છે અને સિધ્ધાંત એ છે કે, આપણે ભગવાનના થઈને રહીએ, દેવને વળગીને રહીએ.** ૨૨-૨૪ વર્ષથી અહીં આવીએ છીએ. એ સમયે કોઈ એક ભારતીય પણ અહીં મળી જાય તો પણ ભગવાન મળ્યા જેવું લાગતું. આજે અહીં આટલા મંદિરો બન્યા છે તો તેનો અમને કેટલો ગર્વ હોય ? **આ મંદિરોની જે રોશની છે એ આપણી એકતાની રોશની છે. મહારાજે કહ્યું ને કે ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ.** તો ભક્તોને પણ ભગવાન સાથે શા માટે જોડ્યા હશે? તે માટે આ સંતોએ ઘણું કહ્યું છે તે માટે વધુ નથી કહેતો પરંતુ હકીકત એ છે કે આપણી ફુટપટ્ટીથી અન્ય કોઈ ભક્તને માપી શકાતા નથી. અમે તમને ઉપદેશ નથી આપતા પરંતુ અમારી પોતાની જ ફૂટપટ્ટી ટૂંકી છે. એક વર્ષમાં અમે ફક્ત ત્રણ દિવસ પર્થમાં આવતો હોઈએ તો તમારા ગામમાં શું રુલ્સ-રેગ્યુલેશન અને સરકારના Code (કાયદા) છે તેનો અમને ક્યાંથી ખ્યાલ હોય ? ક્યાંથી સુએઝ કાઢવી કે ક્યાં શું પ્લમ્બીંગ કરવું તેની સલાહ હું તમને આપું તો શું અમારી સલાહ તમને કામ લાગે ? માટે તમારા બેસ્ટ જજ તમે પોતે જ છો. માટે ફરીથી કહું છું કે અમારી જો કોઈ સલાહ હોય તો એક જ છે કે આપણે સૌએ દેવને (શ્રીજી મહારાજે પધરાવેલા શ્રી નરનારાયણદેવને) વળગીને રહેવાનું છે. અને અરસ પરસ હેત પ્રીત લાગણી રાખવાની છે.

કોઈના સ્વભાવ ક્યારેય સરખા નથી હોતા. કોઈનો સ્વભાવ ગમતો હોય, ન ગમતો હોય, પરંતુ એ બધું જતું કરીને તેની અંદર રહેલા જે ભગવાન છે તે દ્રષ્ટિમાં રાખીને આપણે તેની સામે હાથ જોડીને જય સ્વામિનારાયણ કહીએ છીએ. તે જ આપણી એક મર્યાદા, રીત, પરંપરા છે. ઘણા દાઝે ભરાયેલા હોય તો તેની જય સ્વામિનારાયણ કહેવાની રીત અને મુખમુદ્રા બદલી જતી હોય છે. (તિરસ્કાર યુક્ત), એવું ન કરતા, આપણી રીત અને પદ્ધતિ પ્રમાણે આદર અને ભાવથી જય સ્વામિનારાયણ કહીએ તો ભગવાનને એ ગમે છે. કારણ એ છે કે, કોઈના જીવનમાં કેટલું ભજન, કેટલી ભક્તિ કે કેટલી નિષ્ઠા છે તેનો ન્યાય આપણે કેવી રીતે આપી શકીએ ? **કોઈના જીવનમાં દેવ પ્રત્યે, સંત પ્રત્યે, હરિભક્ત પ્રત્યે કે આપણી સંસ્થા પ્રત્યે કેટલું પોતાપણું છે તેનું આપણે ક્યારેય માપ કાઢી શકતા નથી. તેથી જ એક બીજાનો અવગુણ, અભાવ ન લેતા હાથ જોડીને વંદન કરવા.**

હાલમાં વિચાર સરણી થોડી બદલાયેલી જણાય છે. ઢીંચણીયા જય સ્વામિનારાયણ જોઈએ ત્યારે ખરાબ લાગે. વડીલ સંતો હોય અને ખભે અડીને જય સ્વામિનારાયણ કહીએ એ કેવું લાગે ? માત્ર સંતો નહી અમે પણ ઠુંહા ખાઈએ છીએ. પહોંચી ન શકો તો દૂરથી નમસ્કાર કરી શકાય. **મહેરબાની કરીને પગે લાગવું હોય તો પગે જ લાગો પરંતુ ખભે ન લાગો. સંતોની એક કક્ષા હોય છે અને હરિભક્તોની પણ એક કક્ષા હોય છે. કોઈ હરિભક્ત નાનો નથી. જ્યાં સુધી ભગવાનનો આદર કરો છો ત્યાં સુધી સાથે સાથે ભક્તનો આદર કરતા શીખવું પડશે, શીખવું પડશે અને શીખવું જ પડશે. જો ભક્તનો આદર કરતા નહીં શીખો તો મંદિરના પગથિયા ઘસી નાંખો કે માળા ફેરવી ફેરવીને ભૂકા બોલાવી દો તો પણ કંઈ ફેર પડવાનો નથી. અરસ પરસ પ્રેમ અને આદર એ**

સંપ્રદાયનો પાયો હોય છે. હેત અને પ્રેમ થી જ બીજા પણ આપણી સાથે જોડાય છે.

સંતો ભગવાનની કથા કરે છે. ઉત્સવ સમૈયા થાય છે તેનો સાર વિચારજો. દરેક આયોજનમાં લગભગ બધાને જમાડવામાં આવે છે. શેના માટે ? કોઈને મારી નાંખવા માટે ? ના જમનાર પ્રત્યે હેત છે એટલે તેને જમાડવામાં આવે છે. એટલે હેત અને પ્રેમ એ સિવાય છૂટકો જ નથી.

જ્યારે આવીએ ત્યારે આ નવું જનરેશન (નાના બાળકો) ઉભું હોય, આગળનું મોટું થયું હોય એટલે વિસ્તાર પણ દેખાય છે અને વિકાસ પણ તમારી ઉન્નતિ છે. મંદિરના પાયા નંખાયા તે પહેલાથી, પ્રારંભથી અમે આવીએ છીએ. તમારી ઉન્નતિ-પ્રગતિ જોઈને અમને અંદરથી આનંદ થાય છે. એટલું ચોક્કસ છે કે ઉન્નતિ પાછળનો જો કોઈ પાવર હોય તો એ ભગવાનનો છે.

ઓફિસમાં ગૌમુખી ન શોભે. વિવેક બુદ્ધિ જોઈએ. ઓફિસ એ **Administration** (કારભાર, વહીવટ) માટે છે. **Administration, Katha is Katha (કથા એ કથા છે અર્થાત્ કથાના ટાઈમે કથા) અને મંદિરમાં ભગવાન સમક્ષ ગૌમુખી then it is Beautiful (સુંદર) નામ સ્મરણ ભૂલવાનું અમે નથી કહેતા.** શુભ કાર્ય કે અશુભ કાર્ય, દરેક કાર્યમાં ભગવાન ભૂલવાના નથી. તેનો અર્થ એવો નથી કે ગૌમુખીમાં હાથ રાખીને **go to the Bathroom** (બાથરૂમમાં જવું) પાયામાં વિવેક બુદ્ધિની જરૂર છે. બાથરૂમમાં પણ ભગવાનને એ રીતે યાદ કરી શકાય કે ભગવાને આ ડેટોલ બનાવ્યું છે. ભગવાને આપેલા આ સેલથી પાવરથી કૂપીમાંથી ડેટોલ ઓટોમેટીક નીકળે છે. ભગવાનની કૃપા કે મરજી વિના તો સાબુ પણ હાથમાં ન આવ્યો હોત ! એવું માનો એ ભગવાનને યાદ કર્યા જેવું જ ગણાય ને ! બધી વસ્તુમાં ભગવાન ભૂલવાના નથી. પરંતુ વિવેક બુદ્ધિ જોઈએ. આ તો અમારો વ્યક્તિગત વિચાર છે. દરેક વાત જનરલી કરતો હોઉ છું માટે કોઈ પોતાના શિરે ન લઈ લે. જેને માળા કરવી હોય તે માળા કરે, ભજન કરે, જેટલી માળા થશે તેટલી પંચાયત ઓછી થશે. બધું કરી દંડવત કરો, પ્રદક્ષિણા કરો, માળા કરો જે તમારું અંગ હોય તે પ્રસંગથી ખૂબ ભજન-ભક્તિ કરો. ભગવાન રાજી થશે. અહીં દીકરીઓને અમે હાર પરોવતી જોયેલી. ઠાકોરજી માટે હોય કે હરિભક્તો માટે હોય પરંતુ એ નાની વસ્તુ તો નથી જ ને ! આ લાઈટ, મંડપ, ડેકોરેશન બધું ઉભું કરવું તે માટે **Concept** (વિચાર-કલ્પના-આઈડિયા) લાવવો, ઉંચે ચડવું, દરેકની મહેનત હોય છે, કમિટી મેમ્બર્સ, ટ્રસ્ટીઓ, આ સંતો, અહીંના ભક્તો, બહારથી આવેલા ભક્તો દરેકનો દાખડો છે અને એ દાખડો ભગવાન અર્થે છે. આ બહેનોનો મોટો સપોર્ટ છે. તેઓના સપોર્ટ વિના કોઈનું કંઈ થાય તેવું નથી. **They have powers They have efficiency** (તેઓની પાસે શક્તિ છે. બેલેન્સ રાખવાની કાર્ય કુશળતા છે.) શ્રી રાજાને, લાલજી મહારાજને **Exam** હતી તો ગાદીવાળા ઘેર રહ્યા તો અમે અહીં આવી શક્યા અને તમને મળવાનું થયું.

નવ વાગવા આવ્યા છે. સ્વામી બે રસોડામાં મને લઈ ગયેલા જેથી રીંગણાના ડબલ વઘારની સુગંધ નાકમાં પેસી ગઈ છે. એટલે ભૂખ પણ ડબલ લાગી છે. કારણ કે ગઈકાલે એકાદશી હતી અને બપોરે અમે જમતા નથી તમને પણ રજા આપું છું. સરસ પ્રસાદ છે. જમજો. જમતા યાદ કરજો કે, પ્રસાદ આપનાર અને પચાવનાર ભગવાન છે. નહીં તો ઘણીવાર મળી જતું હોય છે વધારે પરંતુ પચાવવા ગોળીએ લેવી પડે. ખાધા પહેલા લેતા હોય છે અને ખાધા પછી પણ લેતા હોય છે. આપણે ભાગ્યશાળી છીએ કે ભાગ્યમાં નહી હોય તો પણ મહારાજે આપણને બે ટંકથી વધારે ખવાય તેટલું આપ્યું છે. અમે તો એવું માનીએ છીએ કે ભગવાનના લીધે આપણને મળ્યું છે. નહીં તો બટકું રોટલો તો શું પરંતુ એક શ્વાસ લેવો પણ અઘરો છે. માટે જમતા આખો ટાઈમ નહીં તો શરૂઆતમાં, વચ્ચે કે અંતમાં એમ વિચાર આવે કે આ ભગવાનની કૃપાથી એક બટકું રોટલો અંદર જાય છે. એવું મનાય એટલે આપણો જગન સફળ !

અંતમાં શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના સહ સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યોને સૌજન્ય ભેટ

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી અપ્રોચ મંદિરના ઉત્સવ પ્રસંગે ૧૦ આજીવન સભ્યોને રૂા. ૨૫૦-૦૦ સભ્યદીઠ (રૂા. ૨૫૦૦-૦૦) સૌજન્ય ભેટની સુંદર સેવા અ.નિ. સોની અપૂર્વ રશ્મિકાંતભાઈ (દહેગામ)એ કરી છે.

કચ્છ સરહદે હનુમાનજી મંદિરનું ખાતમુર્હૂત

- પ્રફુલ ખરસાણી (અમદાવાદ)

લગભગ ૫૦ ડીગ્રી ગરમીમાં આપણા જવાનો કચ્છની ભારત-પાક. સીમા પર ફરજ બજાવે છે.દૂર દૂર સુધી એક પણ વૃક્ષ નથી તો પશુ અને પક્ષીની કલ્પના કરવી વધારે પડતી થઈ જાય. અહિં સમયની પણ ઉંમર દેખાતી હોય છે. વળી નેટ નહીં હોવાના કારણે વોટ્સ-અપ, ફેસબુક કે વેધર સાઈટ વગરની જીંદગી હોય છે. અહીં ભેડિયા બેટ હનુમાનજીનું મંદિર આવેલું છે.

આ મંદિરનો ઈતિહાસ પણ રસપ્રદ છે. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુધ્ધ વિરામ બાદ આપણા જવાનો પાકિસ્તાનનો અમુક વિસ્તાર વેરાન કરી આપણી ભૂમિ પર પાછા વળી રહ્યા હતા ત્યાં અચાનક પાછળ થી અવાજ આવ્યો, ''મને પણ સાથે લેતા જાવ.'' જવાનોએ પાછળ જોયું પણ વિનાશના અવશેષ સિવાય કાંઈ દેખાયું નહિં એટલે ઝડપથી ચાલવા માંડ્યા કારણ કે તે વિસ્તાર પાક. નો હતો. વળી પાછો અવાજ આવ્યો ''મને પણ સાથે લેતા જાવ.'' આ વખતે સૌના આશ્ચર્ય વચ્ચે એક હનુમાનજીનું દેરુ દેખાયું તેમાંથી અવાજ આવતો હતો. સૈનિકો ત્યાં ગયા અને તે હનુમાનજીની મૂર્તિ ઉંચકી સાથે લઈ આપણી સરહદમાં આવી ગયા. રાત પડી ગઈ અને સૌ થાકી ગયા હતા એટલે અહિંજ મૂર્તિ રાખી સૌ સૂઈ ગયા. સવાર થતા વળી પાછા આગળ વધવા મૂર્તિ ઉપાડવા ગયા પણ અહીંથી મૂર્તિ તસુભાર ખસી નહિં તેથી અહીંજ (ભેડીયાબેટ) મંદિર બનાવી મૂર્તિનું સ્થાપન કર્યું. ત્યારથી આપણી સીમાની અને આપણા સૈનિકોની રક્ષા આ હનુમાનજી કરી રહ્યાં છે. તેની સેવા પૂજા પણ સૈનિકો દ્વારાજ કરવામાં આવે છે.ભારતભરમાં સૈનિક કોઈ પણ સરહદ પર ફરજ બજાવતા હોય પણ કોઈ



તકલીફ આવી પડે તો આ હનુમાનજી તેમની બધી રીતે રક્ષા કરે છે.

બે વર્ષ અગાઉ પ.પૂ. મોટા મહારાજશ્રી, ભૂજ મંદિરના પૂ. મહંત સ્વામી તથા અન્ય સંતો સાથે આ મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરનો જીર્ણોધ્ધાર કરવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. અને ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી તથા વહીવટદારો એ સહર્ષ સ્વીકારી લીધો હતો.

તા. ૬-૫-૨૦૧૮ ને રવિવારના દિવસે ૨ કરોડના ખર્ચે આધુનિક સગવડથી સજ્જ આ મંદિરની ખાત વિધિ પ.પૂ. મોટા મહારાજશ્રી, ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ભુજ મંદિરના મહંત સ્વામી દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે મોટી સંખ્યામાં અફસરો, આર્મીના મેજર, કર્નલ, જવાનો, સંતો અને આપણા હરિભક્તો હાજર રહ્યા હતા અને સૌ માટે ભુજ મંદિર દ્વારા રણમાંજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

માણકી ઘોડીનો શણગાર







જેની પીઠ પર સવાર થઈ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ગામો ગામ અવિરત વિચરણ કરતાં તે માણકી ઘોડીનો શણગાર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં.૩ માં રાખવામા આવેલ છે.

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - મે-૨૦૧૮

રૂા. ૫,૧૨,૬૩૬/-	પાઠક વર્ષાબહેન નવિનચંદ્ર વુલવીચ (યુ.કે.) હ.પ.ભ. ભાવેન પાઠક.
રૂા. ૫,૦૦૦/-	કંડીયા અવધ તેજેશકુમાર - બોપલ-અમદાવાદ
રૂા. ૫,૦૦૦/-	મીનાબેન કે. જોષી - બોપલ-અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી મે-૧૮

તા. ૦૪-૦૫-૧૮	વિષ્ણુભાઈ અંબાલાલભાઈ પટેલ જન્મદિન નિમિત્તે - ચાંદખેડાવાળા, હ. ચિંતન તથા તપન - ઓસ્ટ્રેલીયા, પ્રે. નાના પી.પી. સ્વામી
તા. ૧૦-૦૫-૧૮	પટેલ જયંતિભાઈ સાંકળચંદભાઈ - માણસાવાળા
તા. ૧૭-૦૫-૧૮	શ્રી મહિલા મંડળ સ્વા. મંદિર ભક્તિનગર - અમદાવાદ, હ. સાં.યો. હંસાબા તથા ગીતાબા (હળવદ)
તા. ૧૮-૦૫-૧૮	વંદન સંજય કાંસા - કલકતા
તા. ૨૦-૦૫-૧૮	સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર ધોળકા, હ. કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસજી મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર, નવા વાડજ, હ. ભક્તિ મંડળ
તા. ૨૨-૦૫-૧૮	મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર, હર્ષદ કોલોની, હ. દાસભાઈ
તા. ૨૩-૦૫-૧૮	મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર, વિહાર, હ. સાં.યો. કૈલાસબા તથા મંગુબા
તા. ૨૬-૦૫-૧૮	ધર્મેશ દયાળભાઈ ઠુમ્મર - સુરત, હ. નિવ, સોરીન ઠુમ્મર.
તા. ૨૭-૦૫-૧૮	શ્રી સ્વામિનારાયણ સત્સંગ સેવા મંડળ, અમદાવાદ શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર, જીવરાજપાર્ક.
તા. ૩૦-૦૫-૧૮	મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર, સુરેન્દ્રનગર, હ. સાં.યો. કોકીલાબા
તા. ૩૧-૦૫-૧૮	મહિલા મંડળ સ્વામિનારાયણ મંદિર વાંકાનેર, હં. સાં.યો. જયાબા તથા વિદ્યાબા.

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



સત્સંગ બોલચાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

કષ્ટોથી ડરે નહિ એ ભક્ત સાચો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક સારામાં સારો સંગીતકાર હતો. એનું સંગીત ચારે બાજુ વખાણતું. એ જ્યારે સંગીતના તાલ અને રાગ સાથે કાર્યક્રમ રજૂ કરે ત્યારે સંગીતના જે રસિયા હોય તે તો માથાં ડોલાવી ઉઠે. વાહ.... વાહ..... કરે. આવા સારા ખ્યાતનામ સંગીતકારને એક રાજાએ બોલાવ્યો. અને કહ્યું કે ભાઈ ! તું બહુ સારો સંગીતકાર છે. અને મને પણ સંગીતનો શોખ છે. તો આ ગામમાં જાહેરમાં તારો કાર્યક્રમ રાખવાની ઈચ્છા છે.

રાજાનું આમંત્રણ સંગીતકારે સ્વીકાર્યું પણ એક શરત મુકી. નામદાર ! હું ચોક્કસ સંગીતનો કાર્યક્રમ આપીશ પણ મારી એક શરત છે. એ જો તમે સ્વીકારો તો જ નહીંતર નહીં. રાજાને થયું કે આની વળી શરત કેવી હોય !!! મારે આટલા રૂપિયા જોઈશે કે તેટલા જોઈશે તો એમાં વાંધો નથી. બીજું શું એ માંગી શકવાનો ! એમ વિચારીને કહ્યું કે તારી જે શરત હોય તે બોલ, અમને તે મંજૂર છે.

ત્યારે સંગીતકારે કહ્યું કે નામદાર ! હું જ્યારે સંગીતનો કાર્યક્રમ રજૂ કરતો હોઉં ત્યારે કોઈ પણ માણસ માથું ન ડોલાવે એ મારી શરત છે. આપને મંજૂર હોય તો જ કહો. રાજાને તો આ વાત સામાન્ય લાગી. એમણે તો તરત હા પાડી દીધી. કાર્યક્રમનો દિવસ નક્કી થયો. સમય નક્કી થયો. આ બાજુ રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે આવતી કાલના સંગીતકારના કાર્યક્રમમાં જે કોઈ નગરજનો માથું ડોલાવશે તેને કડકમાં કડક જેલની સજા કરવામાં આવશે. માટે સંગીતના કાર્યક્રમમાં કોઈએ માથું ડોલાવવું નહી. આ જાહેરાત સાંભળીને માણસો વિચારવા લાગ્યા કે બળ્યો સંગીતનો પ્રોગ્રામ. આપણે કાંઈ જવું નથી. ક્યાંક માથું ડોલી જાય ને નકામી જેલની સજા થાય એવા પીપુડાં સાંભળ્યા વગર દુબળા નહીં થઈ જઈએ.

એમાં ખરેખરા સંગીતના રસિયા હતા તેઓ એવું વિચારવા લાગ્યા કે આપણે તો જે થવું હોય તે થાય, કદાચ માથું ડોલી જાય અને જેલની સજા થાય તો ભોગવી લઈશું પણ આવા નિષ્ણાંત, પ્રસિદ્ધ સંગીતકારનો કાર્યક્રમ માણ્યા વિના કેમ જવા દેવાય !!

સમય પ્રમાણે કાર્યક્રમની શરૂઆત થઈ. ઉંચા આસન ઉપર રાજા પોતે આવીને બેઠા અને આખા ગામમાંથી ફક્ત પાંચેક શ્રોતાઓ જ આ કાર્યક્રમમાં આવ્યા અને પ્રોગ્રામ ચાલું થયો. સંગીતકારે તો અજબની કલા બતાવી. એવી રમઝટ બોલાવી કે થોડીવારમાં તો આ પાંચે જણાના માથાં ડોલવા લાગ્યા. એ જોઈને રાજાએ તરત જ હાક મારી અને ફોજદારને બોલાવીને કહ્યું કે શરત પ્રમાણે આ પાંચેયને જેલમાં પુરી દો. ત્યારે સંગીતકારે કહ્યું કે નામદાર ! કોઈને જેલમાં પુરવાની જરૂર નથી. કેમ કે મારૂં નિયમ છે કે જે સાચા રસિયા હોય તેની આગળ જ સંગીતનો કાર્યક્રમ કરવો. તો જે જેલની સજાના ભોગે પણ આ કાર્યક્રમમાં આવ્યા એ સાચા રસિક છે. હું આ પાંચેયને પુરા પ્રેમથી સંગીતકલાનો આસ્વાદ કરાવીશ. અને આ સંગીતકારે પૂરા ભાવથી સંગીત કાર્યક્રમ રજૂ કર્યો.

મિત્રો ! આ વાત વાંચીને શું સમજ્યા ? એક સંગીતકાર પણ જો કસોટી કર્યા પછી જે સાચા રસિયા હોય તેની આગળ જ પોતાનું સંગીત પીરસતો હોય તો જો સાક્ષાત્ પરમાત્માની કૃપાને પાત્ર થવું હોય, તમે ઈચ્છતા હો કે સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તમારા પર ઉતરે તો એના માટે પહેલાં ભગવાન જે કસોટી કરે એ સહન કરવા તૈયાર હશો તો જ પરમાત્માની કૃપા પ્રસન્નતા ઉતરશે.

''સો સો માથાં જાતા રે, સોંઘા છોગાળા.''

જ્યારે ભજન-ભક્તિની બાબતમાં, નિયમ-નિશ્ચયની બાબતમાં જે દુઃખ સહન કરવા તૈયાર હોય, શિર સાટે શ્રીહરિની આજ્ઞા પાળવા તૈયાર હોય તે જ ખરો ભક્ત ગણાય. એવા શૂરવીર ભક્ત ઉપર પ્રભુ સદાય પ્રસન્ન રહે છે. કષ્ટથી ડરી જાય એ ભક્ત કાચો. કષ્ટોને સામો થાય એ ભક્ત સાચો.

સાચું બોલે તે સુખી થાય

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

એક ગામમાં એક ભાઈ હતો. તેને એક ખોટી ટેવ પડી ગયેલી. અને તે ચોરી કરવાની ટેવ. તેને આ લતમાંથી બહાર કાઢવા તેના ગુરૂએ ઘણા ઘણા ઉપાયો કર્યા પણ લોભ રૂપી દોષના કારણે તેની ચોરી કરવાની આદત તે ભૂલી શક્યો નહીં. અંતે આ શિષ્યનું ભલું થાય તે માટે ગુરુએ તેને કોઈ પણ સંજોગોમાં સાચું બોલવાનું નિયમ આપ્યું અને આ ભાઈ, પણ મક્કમ. તેણે નિયમ લઈ લીધું કે કોઈ પણ સંજોગોમાં હું સાચું જ બોલીશ.

એક દિવસની વાત છે. એકદમ સુમસામ રાત છે. ટીન....ટીન..... ટીન.... ટાવર ઘડિયાળમાં રાત્રીના ૧૨ ના ટકોરા પડ્યા છે. મધ્યરાત્રીમાં આખી નગરી અંધાર પછેડી ઓઢીને સૂતી છે. છુટા છવાયા શેરી કૂતરાના ભસવાના અવાજ સિવાય આખા વાતાવરણમાં સન્નાટો છવાયેલો છે. આવા સમયે આ ચોર મહાશય શેરીમાં આંટા મારી રહ્યો છે. અને ક્યાં ચોરી કરવી તેનો વિચાર કરી રહ્યો છે. તેવામાં એક માણસ સામો મળ્યો. પેલા માણસે સવાલ કર્યો. તું કોણ છે ? આ ચોરે તો સાચો જવાબ આપ્યો કે - ''હું ચોર છું.'' પેલા માણસે પણ પોતાની ઓળખાણ આપી કે - ''હું પણ ચોર છું.'' બંને જણાએ એકબીજા સાથે હાથ મિલાવ્યા. પેલાએ આ ચોરને કહ્યું કે હું ચોરી કરવા નીકળ્યો છું. રાજાના ખજાનાની ને ત્યાં સુધી પહોંચવાના ગુપ્ત રસ્તાની મને ખબર છે. પણ એકલાં જતા બીક લાગે છે. જો તું સાથે આવે તો આજે રાજાના ખજાનામાં જ ચોરી કરીએ. ચોર સંમત થયો. બંને જણ પેલા ગુપ્ત રસ્તાઓથી રાજાના ખજાના સુધી પહોંચી ગયા. થોડી શોધખોળ કરી. તિજોરીની ચાવી શોધી અને તિજોરી ખોલી. આ તિજોરીમાં દુનિયાના અજોડ એવાં કિંમતી ત્રણ રત્નો હતા. બન્નેએ વિચાર કર્યો. રત્નો ત્રણ છે. અને આપણે તો બે જ છીએ. માટે આપણે બે રત્ન જ લઈએ અને એક રત્ન રાજા માટે રહેવા દઈએ. જેથી કોઈ કલહ ન થાય.

આટલા પરિચયમાં તો બંને દોસ્ત થઈ ગયા. પેલા માણસે વાતવાતમાં આ ચોરનું સરનામું જાણી લીધું અને કહ્યું કે ફરી આવી તક મળશે તો તને બોલાવી લઈશ. બન્ને છૂટા પડ્યા. સવારે ૬-૦૦ વાગ્યાના ટકોરે રાજમહેલમાં ભયની સાયરન વાગી. સિપાઈઓ, અમલદારો, અધિકારીઓ બધા આંખો ચોળતા રાજા પાસે હાજર થયાં. રાજાએ તર્ત જ કહ્યું કે સવારે ઉઠતાં જ મેં તિજોરીના દરવાજા ઉઘાડા જોયા છે. તેથી લાગે છે કે દરબારમાં ચોરી થઈ છે. માટે જલ્દીથી તપાસ કરો.


દિવાને તિજોરીવાળા રૂમમાં પ્રવેશ કર્યો. તપાસ કરી તો દાગીના એકદમ સહી સલામત હતા. પણ દુનિયામાં અજોડ એવાં ત્રણ રત્નોમાથી બે રત્નો ઉડી ગયા હતા. દિવાનને રત્નોના મૂલ્યની ખબર હતી તેણે ધીમેથી ત્રીજું રત્ન પોતાના ખિસ્સામાં સરકાવી દીધું. રાજા પાસે આવીને માહિતી આપી કે બધું સહીસલામત છે. પણ દુનિયામાં અજોડ એવા કિંમતી ત્રણ રત્નો ચોરાઈ ગયા છે. રાજાએ તર્ત જ તપાસના હુકમો કર્યા. ખરેખર ચોરની સાથે બીજો માણસ આ રાજા જ હતો. પણ હવે તેને ત્રીજા રત્નની તપાસમાં વધુ રસ હતો. તેણે ગુપ્તચર દ્વારા પેલા સત્યવાદી ચોરનું સરનામું દિવાન પાસે મોકલાવ્યું.

ચોર પકડાયો અને તેને રાજ્યની કચેરીમાં હાજર કરવામાં આવ્યો. સહુ કુતુહલવશ હવે શું થશે તેની રાહ જોઈ રહ્યા છે. રાજાએ ચોરની પૂછપરછ શરૂ કરી. તું ચોર છે ? પેલાએ જવાબ આપ્યો - હા, હું ચોર છું. તેં કેટલા રત્નો ચોર્યા છે ? ચોરે જવાબ આપ્યો. અમે બે ચોર હતા. બંને એ મળીને બે રત્નો ચોર્યા છે. અને એક રત્ન રહેવા દીધું છે. રાજાએ કીધું કે ચોરી કરવા બદલ આકરી સજા થશે તેની ખબર હોવા છતાં તું સાચું કેમ બોલે છે ? ત્યારે ચોરે કહ્યું કે - ''હું મારા ગુરૂને આપેલા વચનથી બંધાયો છું. તેમણે મને સુધારવાના ઘણા પ્રયત્નો કર્યા છતાં હું લાલચથી આ ચોરી છોડી શક્યો નહીં, ત્યારે મારા ગુરૂએ મને સત્ય વચન બોલવાની આજ્ઞા કરી છે, તે હું બરાબર પાળુ છું.'' ચોરે પોતે ચોરી કરેલું રત્ન ટેબલ પર મુક્યું - આ રત્ન મેં ચોર્યું હતું. તે આપની સમક્ષ સમર્પણ કરું છું.

દિવાન પોતાની મોટાઈ બતાવતા કહેવા લાગ્યો કે આ ચોરે એક રત્ન ચોર્યું છે. બની શકે કદાચ બીજો ચોર ફરીથી આવીને કદાચ ત્રીજું રત્ન પણ લઈ ગયો હોય ! તે પણ જલ્દીથી પકડાઈ જશે. બધાના આશ્ચર્ય વચ્ચે રાજાએ

(અનુ. પેજ નં. ૨૬ ઉપર)

પ.પૂ.લાલજી મહારાજશ્રીનો યુ.કે. સત્સંગ પ્રવાસ



સ્ટ્રેધામ


ઈસ્ટ લંડન


કેન્ટોન


સ્ટેનમોર


વુલ્વીચ



વિલ્સડન










૧. ગાંધીનગર સેક્ટર-૨માં અધિકમાસ નિમિત્તે કથા શ્રવણ કરતા હરિભક્તો. ૨.મહાદેવનગર મંદિરના ૨૩ માં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૩. ગાંધીનગર સેક્ટર-૨ મંદિર દ્વારા હરિદ્વારમાં શ્રીમદ્ ભાગવત કથા.૪. ગાંધીનગર સેક્ટર-૨ મંદિર દ્વારા કુંડાસણ ગામે સત્સંગ સભા.૫. કચ્છ સીમા પર આવેલ ભોરિયાબેટ હનુમાનજી મંદિરનું ખાત મુર્હૂત કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામી અને ભુજ મંદિર દ્વારા જવાનોને ભોજન કરાવતા સંતો.




















૧. આરવા (રાજસ્થાન) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨.રણછોડગઢ (ખૂબીદેશ)મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૩.દેવીપુરા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૪. પ્રભાપુરા (ઝવીદેશ) મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પૂ. મહારાજશ્રી.૫.મેરાની મુવાડી (ઝવીદેશ) મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પૂ. મહારાજશ્રી. ૬. ચાટલોડિયા મંદિર (આર.સી.ટેકનિકલ રોડ)-ના પ્રથમ પાટોત્સવ પ્રસંગે અમદૂક આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી તથા યજમાન પરિવાર દ્વારા પૂજન







૧. અમેરિકાના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર વિકોકનના ૩૧મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨. પારસીપની (અમેરિકા)ના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ઠાકોરજીના દર્શન.૩. અમેરિકાના કેરી (નોર્થ કેરોલીના) મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૪. એટલાન્ટા મંદિરમાં ઠાકોરજીને ચંદનના વાઘના દર્શન.

ભક્તિસુધા

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)
એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "જીવનમાં સંપત્તિ કરતા 'પ્રેમ', સમય' અને 'પવિત્ર આચરણ' એ વધારે મહત્વનું છે"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

જેમ ટી.વી. ટેપ, ફોન એ બધા સાધન છે તેમ સંપત્તિ પણ જીવનમાં સાધન છે. જીવન જીવવા માટે જરૂરી છે. તમે બિમાર હોય ને કોઈ પણ દવા લો પરંતુ એની સાથે તમે તમારા માત-પિતાને, દીકરા-દીકરીને **'સમય'** આપો. માથા પર પ્રેમથી હાથ ફેરવી દો તો એનાથી વધારે રાહત થાય છે. **પરંતુ કોઈની પાસે આજે 'સમય' જ નથી. કેમ કે ? આપણે શું કરીએ છીએ ?** તો આપણા જીવનમાં જેટલી જરૂર છે એના કરતા વધારે ભેગું કરવા ગાંડા થઈ ગયા છીએ. **અને ભેગું કરીને શું** લોકો વિલ બનાવે છે અને **તેમાં લખે છે** કે મારા મૃત્યુ પછી મારા દીકરા-દીકરી ને આ આપવું. તો એના પછીના લોકો પણ એવું કરે છે કે મારા બાપ-દાદાએ મને આટલી સંપત્તિ કે આ વસ્તુ આપી હતી તો મારા મૃત્યુ પછી મારા દીકરા-દીકરીને પણ આટલું આપવું. તો એટલી સંપત્તિ કે એ વસ્તુનો ઉપયોગ જ ન થાય અને વપરાયા વિનાની જ રહી જાય તો **એનો શું મતલબ છે ?** જરૂર પુરતું અમુક રાખો બરાબર છે કે, જીવનમાં અમુક ખરાબ સમયમાં કામ લાગે છે. પણ બાકીનું તમારી હયાતિમાં જ તમારા દીકરા-દીકરીને આપો અને એમને વાપરતા જુઓ તો તમને પણ આનંદ થશે. અને એમને સમય ફાળવીને માર્ગદર્શન અને સારા સંસ્કાર પણ આપો કે જેથી કરીને એ વસ્તુ સારા કામમાં વપરાય **તો જ તેનો શ્રેષ્ઠ ઉપયોગ થશે. નહિ તો આપણા ગયા પછી કેવા કામમાં વપરાય તેની કોને ખબર ?** અને ઓછી સંપત્તિ હોય તો ક્યારેય મનમાં એવું ઓછુ નહિ લાવવાનું કે મારા પાસે કાંઈ નથી. **જેની કિંમત કરોડોમાં પણ ન આંકી શકાય એવું પરમાત્માએ આપેલું આંખ, કાન, નાક, હાથ, પગ આ બધું તો સાલમત છે ને ?** ના હોય તેને પૂછો કેટલી તકલીફ પડે છે. આપણો કોઈ એક હાથ માગે અને બદલામાં ૫૦ કરોડ આપે તો કોઈ આપશે ! કોઈ ક્યારેય ના આપે. તો એમ જીવનમાં ક્યારેય હિંમત નહિ હારવાની અને તમારી પાસે જે વસ્તુ હોય તેની ઘરના બધા સભ્યને નહિ પણ અમુક એક બે વ્યક્તિને ખબર હોવી જોઈએ કે તમારા પાસે આ વસ્તુ છે. અને અહિંયા રાખી છે. નહિ તો મૃત્યુ પછી મળશે તો તમને 'અપયશ' જ મળવાનો છે કે છુપાવીને રાખ્યું કોઈને કીધું નહિ. માટે હાથ-પગ ચાલે છે ત્યાં સુધી બધું વ્યવસ્થિત રાખીને તૈયાર રહેવાનું. જીવનમાં કદાચ બીજી જ ક્ષણે જવુ પડે. કઈ ક્ષણે જવું પડે તેની આપણને ખબર નથી. માટે આપણા પાસે સમય ઓછો પણ છે અને વધારે પણ છે. તો **સમયનો પણ શ્રેષ્ઠ ઉપયોગ કરી લેવાનો.** સંપત્તિ, ફોન, ટી.વી. ટેપ વગેરે જે સાધનો છે તે **'માયિક'** છે. તેનો દૂરપયોગ થાય તો જીવનમાં ખૂબ તકલીફ પડે છે. આ બધા જે સાધનો છે ને બગડી જાય તો રિપેરીંગમાં લઈ જઈ શકાય એ રીતે રિપેર કરી શકાય છે. અથવા નવા ખરીદી શકાય છે. **પરંતુ તેનો દૂરપયોગ કરવાથી માણસો જે બગડી જાય છે એને ક્યાં લઈ જઈએ રિપેર કરવા. તે મોટી ખોટ પડે છે. તેને જલ્દી સુધારી શકાતા નથી.** માટે આ બધી સુવિધા છે તે સાધન છે. એમ વિચારી મનને વાળી લેવાનું પણ મનને વાળી લેવાનું પણ બહુ અઘરુ છે. **કેમ કે ?** મન માયા તરફ જ ખેંચાય છે. આપણે કોઈ કાર્યમાં જોડાઈએ ધારો કે જુની નોકરી છોડી દઈએ અને નવી નોકરીમાં જોડાઈએ તો ભલે જુનું ઓછું હતું પણ સારુ હતું એવું થાય છે. તો શું થાય છે ? શરીર કામ અહિયા કરે છે. અને મન ત્યાં જુનામાં છે, **તો આપણી પણ એવી જ દશા છે. જન્મોજન્મની મનમાં વિષય વાસના છે. માટે મન આપણને ત્યાં જ ખેંચી જાય છે. તેમાંથી મનને હટાવીને ભગવાનમાં જોડવાનું છે. મનને તો કુસંગ જ ગમે છે. એમાં જ પ્રેરણા કરે છે. કેમ કે ? અનંત જન્મોથી એ જ ભોગવ્યું છે. આપણે**

પૂર્વે કરેલા કાર્યો બધા સુક્ષ્મ શરીરમાં હોય છે. તેને લઈને આવ્યા હોઈએ છીએ. અંદર બધો કચરો ભરેલો છે. સુક્ષ્મ શરીરમાં માટે એવું થાય છે. કઈ રીતે ? તો જો આપણે 'દિપક'ને રૂમમાં મુકીએ તો અજવાળું થઈ જાય છે. અને આપણે 'દિપક' ને રૂમમાંથી બહાર લઈ જઈએ તો તરત અંધારુ થઈ જાય છે. ક્યારેય એવું થાય છે કે 'દિપક' બહાર આવે ને અજવાળું ત્યાં રૂમમાં રહી ગયું નથી ને ? તો 'દિપક' પ્રકાશને લઈને જ જાય છે. એવી રીતે આપણું આ સ્થૂળ શરીર રૂમની જગ્યાએ છે. તો આપણે આ સ્થૂલ શરીર છોડીએ ત્યારે આપણો આત્મારૂપી 'દિપક' છે. **ઈન્દ્રિયો, જ્ઞાન એ બધું સુક્ષ્મ શરીરમાં હોય છે. તેને લઈને જ જાય છે. તો સુક્ષ્મ શરીર છે તેમાં પણ ઈન્દ્રિયો, જ્ઞાન આ બધું હોય છે. તેની ખબર કેવી રીતે પડે ?** તો ધારો કે આપણે સૂઈ જઈએ છીએ તો આપણું જે સ્થૂળ શરીર છે. હાથ, પગ, આંખ, નાક, કાન બધું સંપૂર્ણ પણે નિષ્ક્રિય અવસ્થામાં હોય છે. છતાં પણ આપણને સ્વપ્ન આવે તો તેમા આપણે ચાલીએ છીએ તો ક્યારેય વાગે પણ છે. ખાઈએ છીએ તો સ્વાદ પણ આવે છે. જેવી ક્રિયા જાગ્રત અવસ્થામાં કરીએ છીએ તે બધી જ ક્રિયા સ્વપ્નમાં પણ થાય છે. **તો કેમ ? તો સુક્ષ્મ શરીરમાં બધું હોય છે. માટે અનુભવ થાય છે. જીવ જ્યારે આ દેહ છોડીને બીજી યોનિમાં જાય છે ત્યારે માત્ર સ્થૂળ શરીર બીજું મળે છે. સુક્ષ્મ બધું એનું એ જ હોય છે.** જેમ સ્થૂળ શરીરનો આકાર હોય છે તેમ સૂક્ષ્મ શરીરનો પણ આકાર હોય છે. આપણે કહીએ છીએ ને સ્થૂળ શરીર પંચ ધાતુનું બનેલું છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ. તો જે સુક્ષ્મ શરીર છે. તેમાં પૃથ્વી અને જળ તત્ત્વનો અભાવ હોય છે. અને અતિ સુક્ષ્મ હોય છે. માટે બધું દેખાતુ નથી. આપણું શરીર અસંખ્ય કોષિકાઓનું બનેલુ છે. તેમા મુખ્ય પાંચ કોષ છે.

અન્નમય કોષ : **જે સ્થૂલ શરીર દેખાય છે તે અન્નમય કોષનું બનેલું હોય છે.**

પ્રાણમય કોષ : **તે પ્રાણ શક્તિનું કેન્દ્રબિંદુ છે. તેમાં પ્રાણ શક્તિ કેન્દ્રિત થયેલી છે. અને અહિંયાથી સુક્ષ્મ શરીરની શરૂઆત થાય છે.**

મનોમય કોષ : **એમા જે સંકલ્પ-વિકલ્પ હોય છે તે સંગ્રહિત હોય છે.**

વિજ્ઞાનમય કોષ : **જે જ્ઞાન છે તે વિજ્ઞાનમય કોષમાં સંગ્રહિત હોય છે.**

આનંદમય કોષ : **તે સોથી વધારે સુક્ષ્મ હોય છે. તેમાં આત્માનો નિવાસ હોય છે.**

જીવ જે મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ બહુ સુક્ષ્મ શરીરમાં લઈને જાય છે. વિચારો એમા સમાહિત હોય છે. તેમાં બધુ પૂર્વનું માયિક ભરેલું હોય છે. માટે જ 'માયિક' પદાર્થમાં વધારે આકર્ષણ થાય છે. તો આપણે એમ જાગ્રત રહી સમજીને વિચારવાનું છે અને મનને એમાંથી બહાર કાઢી શુધ્ધ આચરણ કરી ભગવાન તરફ જોડવાનું છે. આજે માણસના જીવનમાં ધર્મનું આચરણ ઓછું થઈ ગયું છે. આપણે ધર્મનું પાલન ન કરીએ તે અધુરુ જ્ઞાન કહેવાય છે. માટે સંકલ્પ-વિકલ્પ સાત્વિક રાખવાના. શરીર શુદ્ધિ અને પવિત્રતા એ બે માં ફેર છે. શરીરની શુદ્ધતાની સાથે સાથે વાણીની પવિત્રતા, સ્વભાવની પવિત્રતા પણ જોઈએ. નહિ તો શરીર કપડા આ બધું બહારથી શુધ્ધ દેખાય પણ અંદર ગંદકી ભરેલી હોય તે ન ચાલે. **માટે જીવનમાં 'પવિત્ર આચરણ' પણ રાખવાનું અને કોઈ પણ માયિક પદાર્થના શરણાગત નહિ થવાનું.** ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આખી ગીતાનો ઉપદેશ આપ્યો પણ છેલ્લો ઉપદેશ આપ્યો કે મારા શરણમાં આવી જા એમાં બધું આવી ગયું. શાસ્ત્રોનું જ્ઞાન પણ આવી ગયું. તો સાચી શ્રધ્ધાથી **'શ્રી નરનારાયણદેવ'**ની શરણાગતિ સ્વીકારી લેવાની. જો આપણને જેના સાથે 'પ્રેમ' હોય તેના માટે બધુ જ કરવાનું મન થાય છે. તેના માટે ગમે તેટલું અધરુ કામ હોય તો પણ સહેજે સહેજે થાય છે. તેમ આપણે સાચા દિલથી **'શ્રીનરનારાયણદેવ'ની શરણાગતિ સ્વીકારી હશે તો એમની બધી 'આજ્ઞા' સહેજે સહેજે પળાશે. માટે સાચો 'પ્રેમ' પરમાત્માને કરવાનો'**. જે માયિક વસ્તુ છે બધા સાધનો છે. તેમાં ઓતપ્રોત નહિ રહેવાનું.

●

"નિષ્કામ ભક્તિ"

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

સુખ પામવાની આકાંક્ષાથી મનુષ્ય માત્ર દોડધામ કરતા હોય છે. મનુષ્યને જીવન જીવવાના મુખ્યપણે બે જ માર્ગ છે. (૧) અધ્યાત્મ અને (૨) વ્યવહાર. સુખ પામવા માટે જેણે વ્યવહાર માર્ગ પસંદ કર્યો છે તે જગતના ભૌતિક

પદાર્થો, સુખ-સાહેબી, યશ-કીર્તિ, માન-મોટપ મળે તેને જ સુખ ગણે છે. જે ખરેખર સુખની વ્યાખ્યા નથી. એ તો દુઃખ સોતા સુખને પામે છે. જે અલ્પ સમય માટે હોય છે. જ્યારે અધ્યાત્મક માર્ગ જેણે પસંદ કર્યો છે તેણે આંતરિક સુખ છે તેને જ સુખ માન્યું છે. માટે આપણે તો અધ્યાત્માર્ગે જ ચાલવું જોઈએ. અધ્યાત્મમાર્ગે ચાલતા સાધકનો ધ્યેય એકજ હોવો જોઈએ. જે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન અને સત્પુરુષને રાજી કરવા. એમની રાજીપાની જ ફલશ્રુતિ રૂપે જ ધામની પ્રાપ્તિ થાય છે. ભક્તિ અને સત્સંગ રૂપી સાધનથી જ સ્વામિનારાયણ ભગવાનની દિવ્યાતિ દિવ્ય મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે. તે જ સાચું સુખ છે.

અધ્યાત્મ માર્ગમાં કોઈપણ સાધન બે પ્રકારે થાય છે. જેમાં (૧) સકામભાવ અને (૨) નિષ્કામ ભાવ. સકામ ભાવ એટલે શું ? અને નિષ્કામ ભાવ એટલે શું ? તો ભૌતિક સુખો જેવાં કે ગાડી, બંગલા, ફેકટરી, જમીન તેમજ દૈહિક સુખ માટેના સાધનો મેળવવાની અપેક્ષાથી જે સાધન કે ભજન ભક્તિ કરીએ તેને કહેવાય સકામભાવ. ભક્તિ અને એકમાત્ર આત્માના સુખ માટે, ને આત્મા ઉન્નતિના માટે, ભજન-ભક્તિનાં કે મૂર્તિમાં જોડવાના સાધનો કરીએ તેને નિષ્કામ ભાવ કહેવાય છે. ટૂંકમાં કહીએ તો ભૌતિક સુખ કે આલોકના સુખની અપેક્ષાથી જે કાંઈ કરીએ તેને સકામભાવ ભક્તિ કહેવાય છે. અને અભૌતિક સુખ કહેતા પરમાત્મા સંબંધી સુખની અપેક્ષાથી જે કાંઈ સાધન, ભજન-ભક્તિ કરીએ તેને નિષ્કામ ભાવ-ભક્તિ કહેવાય છે. નિષ્કામ ભક્તિથી જ ભગવાનનો રાજીપો મળે છે.

સાધન ભક્તિ તો આપણે ઘણી કરીએ છીએ. પરંતુ ભકિત કેટલી કરીએ છીએ એ મહત્વનું નથી. માળા કેટલી કરી તે મહત્વનું નથી. પરંતુ કેવી રીતે કરી તે મહત્વનું છે. કદાચ ૫૦૦ માળા ફેરવી હોય પરંતુ એ માળા કરતાં કરતાં એકેય માળામાં જો મહારાજની મૂર્તિમાં મન ન જોડાયું હોય તો તે માળા ન કર્યા તુલ્ય જ છે. તેનું ફળ શૂન્ય જ છે. માળા વધારે કરવી એ મહત્વનું નથી પણ મહારાજની મૂર્તિમાં મન-ચિત્ત જોડાય તે જ મહત્વનું છે. શ્રીજી મહારાજે ગઢડા છેલ્લા ૨૮ માં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક કર્મ યોગે કરીને શૂળીએ ચડાવ્યો હોય ને તે સમયમાં અમે પણ તેની પાસે ઉભા હોઈએ પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે આ ભગવાન મુને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવો જે નિષ્કામી ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે.

આપણે ભક્તિ કરીએ છીએ તે ભગવાનને રાજી કરવા માટે જ કરીએ છીએ. પરંતુ નિષ્કામ ભક્તિમાં ક્યારેય સકામ ભાવના ભળી જતી હોય છે. કેમ કે આપણે દેહભાવે, દેહના સુખો મેળવવા માટે જ પ્રયત્નો કરીએ છીએ પણ આત્મારૂપે આત્માને પરમાત્માનું સુખ મેળવવા માટે પ્રયત્નો કરતા નથી. તેમજ ભૌતિક સુખમાં માલ મનાય છે. તેટલો ભગવાનના સ્વરૂપમાં માલ મનાતો નથી. જેથી પંચવિષય સંબંધી સુખમાં લોભાઈ જઈએ છીએ ને મશગુલ બની જઈએ છીએ. જેથી આપણી યશ-પ્રસિધ્ધિ, કીર્તિ ફેલાય ને જગતમાં વાહ વાહ થાય તે માટે ભક્તિ કરીએ છીએ. માટે આવી ભક્તિ સકામ બની જાય છે.

સકામી ભક્તિ એટલે ગંજીફાની ઈમારત - પવનની લહેર આવે ને ગંજીફાની ઈમારત પડી જાય છે તેમ સકામી ભકત સત્સંગમાંથી પડી જાય છે. શ્રીજી મહારાજ અને સંતો આપણા સંકલ્પો પૂરા કરે, પરચા-ચમત્કાર બતાવે ત્યાં સુધી એમને વિષે દિવ્યભાવ-શ્રધ્ધા રહે. પરંતુ ઈચ્છાઓ પૂરી ન થાય તો મનુષ્યભાવ આવી જાય છે ને શ્રધ્ધા તૂટી જાય છે. માટે સકામી ભક્તિ તો કામ ચલાઉ જેવી છે. કાયમી ન રહે. સકામી ભક્તિ એટલે દાંભિક ભક્તિ, જેમાં કેવળ નર્યો દંભજ હોય. બીજાને દેખાડવાની જ ભક્તિ થતી હોય. ઘરમાં આખો દિવસ આપણે ટી.વી. જોતા હોઈએ અથવા ગામ ગપાટા મારતા હોઈએ અને કોઈ આવે એટલે હાથમાં માળા લઈને બેસી જઈએ. અને કહીએ કે આજે તો ૨૦૦ માળા કરી, આજે એક કલાક ધ્યાન કર્યું. આજે મંદિરે ચાલતા દર્શને ગયા. ને ત્યાં લાખ રૂપિયાનો ધર્માદો કર્યો. આમ બીજાની પાસે બોલે એ તો દેખાવની ભક્તિ કહેવાય. આવી જ્યાં જુઓ ત્યાં સકામી ભક્તિ કરે છે. જેનાથી આલોકમાં સુખ, ગાડી, બંગલા, બધુંય મળે પણ તેનાથી શ્રીજી મહારાજનો રાજીપો ન મળે. માટે નિષ્કામ ભક્તિ ફરજીયાત કરવી જોઈએ.

નિષ્કામ ભક્તિ કરીએ ત્યારે ધ્યાન રાખવું કે હું જગતનો જીવ નથી હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું. હું તો ભગવાનનો ભક્ત છું. માટે ભગવાનનું સુખ એજ મારા માટે સાચું સુખ છે. મારી ભક્તિપણ એક માત્ર ભગવાન ને રાજી કરવાની છે. અપેક્ષા રહિત ની છે. તેમજ ભક્તિ કરવી તે સમજણ પૂર્વક કરવી. મહારાજ જે કરે છે તે મારા સારા માટે જ કરે છે. માટે ભગવાન નો જ કેફ રાખવો. જે આવા સર્વોપરી, સર્વ અવતારના અવતારી સર્વકારણના કારણ, સર્વના નિયંતા મહારાજ મળ્યા છે. છતાંય આપણને ભૌતિક સુખની ઈચ્છાઓ રહે છે. ને ભૌતિક સુખો મેળવવા માટે સકામ બની જઈએ છીએ. આપણે કોણ છીએ ? આપણો ધ્યેય શું છે ? એમ વિચારીને ભૌતિક સુખની ઈચ્છા રાખવી જ નહિ. આવા સુખથી નિર્લેપ રહેવું.

બસ અભૌતિક સુખ જે મહારાજની મૂર્તિનું સુખ છે એજ સાચુ સુખ છે. માટે મહારાજ અને સંતો રાજી થાય એવી નિષ્કામ ભક્તિ કરવાનો દઢાવ કરીએ અને ભગવાનનો અનહદ રાજીપો પ્રાપ્ત થાય એજ અભ્યર્થના.

●

ધર્મભક્તિના દર્શન

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ)

એક સમય ચાતુર્માસના દિવસો હતા. ગઢડામાં વાસુદેવનારાયણનો ઓરડો અને દાદા ખાચરના ઓરડાની વચ્ચે દિવાલમાં ગોખ હતો. ત્યાં વચલે બારણે બેસીને મહારાજ કથા કરતા. વાસુદેવનારાયણના ઓરડા તરફ બાઈઓ બેસતી. એક દિવસ મહારાજના આસન તરફથી પ્રકાશનો પૂંજ નીકળ્યો. પુરુષોની સભા તરફ શ્વેત શીતળ તેજ ખૂબ જણાયું. તેમાં અંતરિક્ષમાં પુરુષોને ધર્મદેવની મૂર્તિ દેખાણી. આ બાજુ બાઈઓની સભા તરફ રતાશ પડતું શીતળ તેજ ખૂબ જણાયું. તેમાં અંતરિક્ષમાં બાઈઓને ભક્તિદેવીની મૂર્તિ દેખાણી. પછી બધું તેજ મહારાજમાં સમાઈ ગયું. સૌને અચરજ થયું. તેમણે મહારાજને પોતાને થયેલાં દર્શનની વાત કરી.

મહારાજે કહ્યું ''ગોદોહન પણ ક્યાંય ન રહેનારો હું અહીંયા આવીને વસ્યો છું. તમે મને વશ કર્યો છે. તેથી તમને અમારા માતા-પિતા જે ભક્તિ અને ધર્મ તેમની મૂર્તિ દેખાણી. હવે અમારી સાથે તેઓ પણ અહીં વાસ કરીને રહેશે.''

આ બાજું એવું બન્યું કે, મહારાજના એક કોઠારી હસનભાઈ લાઠી કામે ગયેલા. ત્યાં એક સલાટ છવ્વીસ મૂર્તિઓ ત્રણ ગાડામાં ભરીને લઈ જતો હતો. આ મૂર્તિઓ જોઈ તેમણે સલાટને કહ્યું, ''તું ગઢપુર ચાલ. અમારા મહારાજને ગમે તો આ મૂર્તિઓ અમે રાખીશું.'' એમ કહીને તેને ગઢડે લઈ આવ્યા. મહારાજે મૂર્તિઓ જોઈ. તેમને ગમી, મહારાજે તેમાંથી કાળભૈરવની ચાર મૂર્તિઓ કાઢી નાખીને બાકીની બાવીસ મૂર્તિઓ રાખી લીધી. સલાટને પૈસા ચૂકવી વિદાય કર્યો. તેમાંથી બે મૂર્તિઓ, જેવા ધર્મ અને ભક્તિનાં સ્વરૂપ હતાં તેજ ઘાટમાં ઘડાયેલી હતી.

મહારાજે બે ઓરડાની વચ્ચેનો ગોખ પુરાવીને તેમાં ધર્મ ભક્તિની મૂર્તિઓ વિધિપૂર્વક પધરાવી.

અનુ. પેજ નં. ૧૮ નું ચાલુ

બીજું રત્ન ટેબલ પર મુક્યું અને દિવાનને કહ્યું કે દિવાન ત્રીજું રત્ન આપ મુકી દો. રાજાના શબ્દોથી સભામાં જાણે બોમ્બ પડ્યા જેવી પરિસ્થિતિ થઈ ગઈ. દિવાનના ખિસ્સામાં જ ત્રીજું રત્ન હતું તેથી તેનું મોં કાળુમેશ થઈ ગયું. તેણે ત્રીજું રત્ન ટેબલ પર મુકી દીધું.

રાજાએ દરબારમાં આગલી રાત્રે વેશપલ્ટા દરમિયાનની બધી વાત સંભળાવીને પેલા ચોરને તેની સાચું બોલવાની આદતનાં બદલામાં રાજ્યનું મંત્રી પદ સોંપ્યું અને બે જ રત્નો ચોરાયા હોવા છતાં ત્રણ રત્નની ચોરીનું ખોટું બોલવા બદલ દિવાનને જન્મટીપની સજા ફટકારી.

મિત્રો ! જોયું ને ગુરૂના વચનમાં વિશ્વાસ રાખી આ ચોરે ગમે તે ભોગે પણ સાચું બોલવાના નિયમનું પાલન કર્યું તો તેને મંત્રીપદની પ્રાપ્તિ થઈ. પછી તો તેને વિચાર આવ્યો કે હું ગુરૂના વચને આટલો સુખી થયો તો હવે ચોરી પણ નહીં કરૂં ને સત્યવ્રતનું પાલન પણ અવશ્ય કરીશ. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે - સ્તેન કર્મ ન કર્તવ્ય'' આપણા ઈષ્ટદેવની આજ્ઞાનું જે પાલન કરશે તે ચોક્કસ સુખી થશે.

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ધર્મના મુખ્ય ચાર અંગો છે તેના નામ જણાવો.

પ્ર. ૨ ''એવું શ્રવણે સાંભળી નરવીરે કર્યો વિચાર, એહ પાપ ટાળવા મારે નિશ્ચે લેવો અવતાર.'' - આ કડી ભક્તચિંતામણીના કેટલામાં પ્રકરણની છે ?

પ્ર. ૩ એવો ક્યો એક દોષ છે જે તેનો ત્યાગ કરે તો સર્વે દોષ માત્રનો ત્યાગ થાય ?

પ્ર. ૪ ''યા નિશા સર્વભૂતાનાં'' આ શ્લોક શ્રીમદ્ ભગવદ્ ગીતાના ક્યા અધ્યાયનો કેટલામો શ્લોક છે ?

પ્ર. ૫ વડતાલમાં મધ્યરાત્રીએ શ્રીજી મહારાજે સભા કરીને વિરાજમાન હતા ત્યારે ઘણાક સંત અને ભક્તજનો ઊંઘથી ત્યાંને ત્યાં સૂઈ ગયા. ત્યારે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, 'હે સ્વામી ! અમારા દર્શનમાં માલ છે, કે અમારી વાતમાં માલ છે ? કે ઊંઘમાં માલ છે ? ત્યારે સ્વામીએ શું ઉત્તર આપ્યો ?

પ્ર. ૬ શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથના કેટલા અધ્યાયો અને કેટલા અંશો અને કેટલા શ્લોકો છે તે જણાવો.

પ્ર. ૭ ''પ્રેમકી તો રીતિ સબ લોક સે હે ન્યારી, દેવે રે દયાળ સોઈ પાવત નરનારી.....'' - આ સુંદર કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

મે-૨૦૧૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ભક્તનું માહાત્મ્ય સમજીને જેને હેત થયું હોય તે સંબંધી હોય કે બીજો હોય તે સર્વેનું કલ્યાણ થાય છે. **(૨)** ''દેખ તેરા બાપ સબ કૃષ્ણ જેસા હૈ''. **(૩)** ગઢપુર દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિશે. **(૪)** સત્યાવીસ વખત. **(૫)** બદુધાનો સંગે કરીને થાય છે. **(૬)** ''સ્વામિનારાયણ ભગવાન હોય તો એમણે ઓઢી છે તે ગોદડી મને આપે. એમને તો બીજા કોઈ આપશો.'' **(૭)** સ.ગુ. મુક્તાનંદ સ્વામી.

૧ ડાભી ઈશ્વરજી રામાજી (ડાંગરવા)
૨ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા
૩ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૪ પટેલ જોશનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૫ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૬ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૭ પટેલ જયંતિભાઈ અંબાલાલ (માણસા)
૮ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૯ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૧૦ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૧૧ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૨ સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૧૩ ઝોલાપરા શોભના કે. (સુરેન્દ્રનગર)
૧૪ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૫ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૬ સાં.યો. બહેનો (સ્વામિ. મંદિર વાવોલ)
૧૭ પટેલ શારદાબેન, પટેલ ઉષાબેન (વાવોલ)
૧૮ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૧૯ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૨૦ પટેલ રમણભાઈ મરઘાભાઈ (સાબરમતી)
૨૧ પટેલ શારદાબેન આર. (સાબરમતી)
૨૨ પટેલ લલિતાબેન રમણલાલ (સાબરમતી)
૨૩ પટેલ મીનાબેન દશરથભાઈ (રાણીપ)
૨૪ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૨૫ પટેલ સુહાનીબેન જીગરભાઈ (સીતાપુર)
૨૬ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૭ પટેલ વસંતીબેન જયંતિલાલ (ઉંઝા)
૨૮ પટેલ ઈલાબેન પ્રવિણભાઈ (અંબાપુર)
૨૯ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૩૦ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૩૧ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૩૨ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૩૩ સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર મંદિર હવેલી)
૩૪ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૫ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૬ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૩૭ સાં.યો. બહેનો (સ્વા. મંદિર જુનું મોરબી)
૩૮ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૯ ઠક્કર રીટાબેન જયેશભાઈ (વસ્ત્રાપુર)
૪૦ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૪૧ પટેલ મીનાબેન કમલેશકુમાર (કુહા)

સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં અધિક પુરૂષોત્તમ માસ ધામધૂમથી ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શનથી તથા હરિચરણ સ્વામી (કલોલ), કોઠારી જે.કે. સ્વામી (મેમ્બરશ્રી), કોઠારી શા. મુનિ સ્વામી, જે.પી. સ્વામી ભંડારી અને ભક્તિ સ્વામી, ચેતન આદિના સુંદર પ્રયાસથી અધિક જેઠ પુરૂષોત્તમ માસમાં આખા વરસ દરમ્યાન આવતા તિથિ પ્રમાણેના આપણા ઉત્સવો ખૂબજ ધામધૂમથી ઉજવાયા હતા. હજારો મુમુક્ષુઓએ અધિક પુરૂષોત્તમ માસમાં આવા ભવ્ય અલૌકિક વ્રત ઉત્સવના દર્શન કરી ખૂબજ ધન્ય ભાગી બન્યા હતા.

નીચે મુજબ ઉત્સવ અને તેમાં યજમાન બનનારની યાદી.

ગ્વાલબાલ દર્શન : અધિક જેઠ સુદ-૧ તા. ૧૬-૫-૧૮ એક હરિભક્ત.

રથયાત્રા : અધિક જેઠ સુદ-૨ તા. ૧૭-૫-૧૮ એક હરિભક્ત.

શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ-અન્નકૂટોત્સવ : અધિક જેઠ સુદ-૩/૪ તા. ૧૮-૫-૧૮ અ.નિ. પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ, અ.નિ. પ.ભ.ઈશ્વરલાલ લાભશંકર પંડ્યા હ. પ.ભ. રાજેશભાઈ વિઠ્ઠલભાઈ શાહ, ભગવતભાઈ, શ્રીહરિવદનભાઈ અમદાવાદ.

વસંત પંચમી હવેલીમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અન્નકૂટ : અધિક જેઠ સુદ-૫ તા. ૧૯-૫-૧૮ પ.ભ. શારદાબા શેલત - અમદાવાદ.

ફૂંજગલી : અધિક જેઠ સુદ-૬ તા. ૨૦-૫-૧૮ વર્ષાબેન નવિનચંદ્ર પાઠક પરિવાર લંડન-હ. ભાવિન પાઠક.

શાકોત્સવ : અધિક જેઠ સુદ-૭ તા. ૨૧-૫-૧૮ એક હરિભક્ત.

રાધાષ્ટમી : અધિક જેઠ સુદ-૮ તા. ૨૨-૫-૧૮ ફુલમંડળીની બહેનો (હવેલી) સાં. મંજુબા.

રામનવમી-શ્રીહરિ પ્રાકટ્યોત્સવ, શ્રી બાલસ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અન્નકૂટ : અધિક જેઠ સુદ-૯ તા. ૨૩-૫-૧૮ પ.ભ. અશ્વિનભાઈ પૂજારા - અમદાવાદ.

વિજયા દશમી : અધિક જેઠ સુદ-૧૦ તા. ૨૪-૫-૧૮ જયશ્રીબેન તથા કાંતિલાલ પટેલ, ભાવનગર.

મોતીના હિંડોળા : અધિક જેઠ સુદ-૧૧ તા. ૨૫-૫-૧૮.

વામન બારસ-રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અન્નકૂટોત્સવ : અધિક જેઠ સુદ-૧૨ તા. ૨૬-૫-૧૮ પ.ભ. અશ્વિનભાઈ પૂજારા અમદાવાદ, પ.ભ. વર્ષાબેન નવિનચંદ્ર પાઠક, હ. ભાવિન પાઠક લંડન (વામનબારસના પણ યજમાન વર્ષાબેન પાઠક છે).

ડ્રાયફ્રૂટના હિંડોળા : અધિક જેઠ સુદ-૧૩ તા. ૨૭-૫-૧૮ ઠક્કર અજયભાઈ બળદેવભાઈ.

નૃસિંહ જયંતી : અધિક જેઠ સુદ-૧૪ તા. ૨૮-૫-૧૮ એક હરિભક્ત.

શરદોત્સવ : અધિક જેઠ સુદ-૧૫ તા. ૨૯-૫-૧૮ અ.નિ. પ.ભ. ભાલજા સાહેબ મંડળ આરીવાલા પ્રબોધ છગનલાલ.

કેશર સ્નાન : અધિક જેઠ વદ-૧ તા. ૩૦-૫-૧૮ અ.નિ. અમૃતભાઈ નરસિંહભાઈ પટેલ ગૌરીબેન અમૃતભાઈ પટેલ, જતિનભાઈ, અપ્પુભાઈ અમદાવાદ.

ફૂલના હિંડોળા : અધિક જેઠ વદ-૨ તા. ૩૧-૫-૧૮.

ચોકલેટના હિંડોળા : અધિક જેઠ વદ-૩ તા. ૧-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન

જરીના હિંડોળા : અધિક જેઠ વદ-૪ તા. ૨-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન.

સામૂહ મહાપૂજા : અધિક જેઠ વદ-૫ તા. ૩-૬-૧૮ મુખ્ય યજમાન : પ.ભ. અરવિંદભાઈ આર. દોંગા - અમદાવાદ. - સહ યજમાન : પાઠક વર્ષાબેન નવિનચંદ્ર પરિવાર - લંડન.

ફૂલના હિંડોળા : અધિક જેઠ વદ-૫ તા. ૪-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન.

છપૈયાધામ દર્શન : અધિક જેઠ વદ-૬ તા. ૫-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન.

વનવિચરણ દર્શન : અધિક જેઠ વદ-૭ તા. ૬-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન.

શ્રીકૃષ્ણ જન્મોત્સવ : અધિક જેઠ વદ-૮ તા. ૭-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન.

નંદ મહોત્સવ : અધિક જેઠ વદ-૯ તા. ૮-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન.

હિમાલય દર્શન : અધિક જેઠ વદ-૧૦ થી જેઠ વદ-૧૨ તા. ૯-૬-૧૮ થી તા. ૧૧-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવિન પાઠક - લંડન.

શિવરાત્રી-શિવપૂજન-શ્રી હનુમાનજીનૂં પૂજન : અધિક જેઠ વદ-૧૩/૧૪ તા. ૧૨-૬-૧૮ પાઠક વર્ષાબેન નવિનચંદ્ર હ. ભાવેન - લંડન.

અન્નકૂટોત્સવ-ગોવર્ધનપૂજા : અધિક જેઠ વદ-૩૦ તા. ૧૩-૬-૧૮ હિરાણી વિનાબેન વેલજી - લંડન.

શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ રોડ) ઘાટલોડિયા પ્રથમ પાટોત્સવ એવં કથા પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. પી.પી. સ્વામી (મહંતશ્રી, ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર, સમસ્ત સત્સંગ સમાજ ઘાટલોડિયા (આર.સી. ટેકનિકલ રોડ)ના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયાનો પ્રથમ પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૬-૫-૧૮ થી તા. ૨૧-૫-૧૮ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રી ભક્તચિંતામણી ગ્રંથ અંતર્ગત પરચા પ્રકરણ પંચદિનાત્મક રાત્રીય કથા પારાયણ સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે થઈ હતી. કથા દરમ્યાન સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ)એ સુંદર રીતે શોભાવ્યું હતું. આ પ્રસંગમાં ઘણા હરિભક્તોએ યજમાન બની સુંદર લાભ લીધો હતો. તા. ૨૦-૫-૧૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક પાટોત્સવ ધામધૂમથી થયો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ધામોધામથી અનેક સંતો પધાર્યા હતા. (કોઠારીશ્રી, ઘાટલોડિયા)

હિરાવાડીને આંગણે પવિત્ર પુરૂષોત્તમ માસમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ રાત્રીય પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર)ના માર્ગદર્શનથી શ્રીસ્વામિનારાયણ મંદિર હિરાવાડી-અમદાવાદમાં પવિત્ર પુરૂષોત્તમ માસમાં તા. ૧૬-૫-૧૮ થી તા. ૨૧-૫-૧૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત રાત્રીય પંચાન્હ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે તા. ૧૭-૫-૧૮ ના સવારે સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી રાજી થયા હતા. કથામાં આવતા શ્રીકૃષ્ણ જન્મોત્સવ આદિ ધામધૂમથી ઉજવ્યા હતા. તા. ૨૦-૫-૧૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સવારે ૧૧-૦૦ કલાકે પધાર્યા હતા. સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. કથા દરમ્યાન કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ ધામોધામના સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) પવિત્ર પુરૂષોત્તમ માસમાં દશાવતાર રાત્રીય પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ખાતે પવિત્ર

અધિક પુરૂષોત્તમ માસમાં તા. ૨૧-૫-૧૮ થી તા. ૨૭-૫-૧૮ પર્યન્ત સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે રાત્રીય દશાવતાર સપ્તાહ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ. હજારો હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે અનેક ધામોથી સંતો પધાર્યા હતા. કાલુપુર મંદિરથી સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વા. નારાયણમુનિદાસજી આદિ પધાર્યા હતા. સભા સંચાલન, સ.ગુ. શા. વ્રજભૂષણદાસજી અને સ.ગુ. શા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું. અનેક હરિભક્તોએ સેવાના યજમાન બની લાભ લીધો હતો. ગાંધીનગરના રાજકિય મહાનુભાવો પણ કથામાં પધાર્યા હતા. કથાનું સુંદર અને ભવ્ય આયોજન થયું હતું. (શા.સ્વા. વ્રજભૂષણદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ગાંધીનગર) સત્સંગ સભા

પરમકૃપાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર એકાદશીના રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ કીર્તન ભક્તિ-કથા વાર્તા આદિ સ.ગુ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી) અને સંત મંડળ દ્વારા થયા હતા. તા. ૧૨-૫-૧૮ ના રોજ હિંમતપુરા (લાકરોડા) ગામે સુંદર સત્સંગ સભામાં ઈશ્વરપુરા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સભામાં કીર્તન-ભક્તિ કરવામાં આવી હતી. જેમાં ગામના યુવાનો પણ જોડાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર મંદિરથી (સે-૨) મહંત શા. પી.પી. સ્વામી, સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી આદિ સંતોએ કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

(સુરેશભાઈ કોઠારી)

શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ૧૩ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ બોપલ મંદિરના મહંત સ્વામી ધર્મસુતપ્રિયદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલનો ૧૩ મો પાટોત્સવ વૈશાખ સુદ-૭ તા. ૨૨-૪-૧૮ના રોજ પ.ભ. સચિનભાઈ કનુભાઈ ઠક્કરના યજમાનપદે ઉજવાયો. સૌ પ્રથમ સંતો દ્વારા મહાપૂજા અને ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે થયો હતો. અન્નકૂટ આરતી સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર મંદિર)એ ઉતારી હતી.

ધામોધામથી પધારેલા સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાનશ્રી સચિનભાઈને શ્રીહરિએ અકસ્માત થકી રક્ષા કરી તે અદ્‌ભુત પરચાની વાત કરી હતી. આ પ્રસંગે આનંદસ્વરૂપ સ્વામી, કોઠારી અમૃતભાઈ, અરવિંદભાઈ અને આર.બી. પટેલ આદિએ સુંદર સેવા બજાવી હતી. (પ્રવિણ ઉપાધ્યાય)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઘીણોજ ૯૨ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા શા. સ્વા. ઉત્તમપ્રિયદાસજીની પ્રેરણાથી તા. ૨૮-૪-૧૮ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘીણોજ નો ૯૨ મો વાર્ષિક પાટોત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવ્યો. જેમાં ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ તથા પૂજન અર્ચનનો લાભ યજમાનશ્રી જસવંતભાઈ, પ્રમોદભાઈ, અજીતભાઈ દવે પરિવારે લાભ લઈને ધન્ય ધન્ય બન્યા હતા. અત્રે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવાના યુવકો દ્વારા કીર્તન ભક્તિની સુંદર રમઝટ બોલાવી હતી. વહેલાલના શ્રીહરિ સમકાલીન મુક્ત વખતબાની હિંમતની વાત સભામાં રજૂ કરવામાં આવી હતી. મહેસાણા આદિ ગામોના ભક્તોએ પધારી લાભ લીધો હતો.

(અશોકભાઈ આર. ચૌધરી - મહેસાણા)

શ્રી સ્વામિનારાયણ મંદિર દેવપુરા (ખાખરિયા) ૧૦૫ મો પાટોત્સવ

સર્વાવતારી શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી અ.નિ. સ.ગુ. શા. સ્વામી હરિસ્વરૂપદાસજીના સમગ્ર શિષ્ય મંડળ તથા દેવપુરાના સમસ્ત હરિભક્તો દ્વારા તા. ૭-૪-૧૮ ને ચૈત્ર સુદ-૭ ના પાટોત્સવના ઉપલક્ષમાં મહાપૂજા વિધિવત રીતે સંપન્ન

થઈ હતી. નારણપુરા (અમદાવાદ) શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં સુંદર ધાર્મિક પ્રવૃત્તિ થઈ હતી. આ પ્રસંગે સંતોમાં સ.ગુ. રઘુવીર સ્વામી (સોકલી), મહંત સ્વામી જગદીશ સ્વામી (ધોળકા), મહંત સ્વામી હરિઊઁ સ્વામી (નારણપુરા), શ્રીજી સ્વામી (હાથીજણ), આનંદ સ્વામી, (મહાદેવનગર) અને હરિજીવન સ્વામી (મોડાસા) આદિ સંતોએ કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. લાલજીભાઈ લવજીભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. (કોઠારીશ્રી દેવપુરા)

ઈડર દેશમાં સત્સંગ પ્રવૃત્તિ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ ઈડર મંદિરના મંહત શા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી ઈડર દેશમાં થયેલ સત્સંગ પ્રવૃત્તિ.

(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડાનો પાટોત્સવ તા. ૨૫-૩-૧૮ ના રોજ પ.ભ. નારણભાઈ તથા શ્રી દ્વારકાદાસ પટેલના યજમાન પદે ધામધૂમથી ઉજવાયો. ગામના સમસ્ત હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(૨) શ્રી સ્વામિનારાયણ મંદિર થુરાવાસમાં તા. ૨૬-૪-૧૮ ના સત્સંગ સભા થઈ હતી. જેમાં કથા વાર્તા કીર્તન ભક્તિ કરી હતી. ગામના સર્વે હરિભક્તોએ સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા.

(૩) સાબલવાડ ગામે તા. ૧૦-૪-૧૮ ના રોજ સુંદર સત્સંગ સભામાં કથા વાર્તા, ધૂન ભજન કીર્તનમાં ગામના હરિભક્તોએ લાભ લીધો હતો.

(૪) શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડરમાં દર પૂનમના સત્સંગ સભા થાય છે. તા. ૩૧-૩-૧૮ના રોજ પૂનમ પ્રસંગે અ.નિ. પટેલ અમૃતભાઈ હીરાભાઈ (લાલોડા)ના સ્મરણાર્થે સત્સંગ સભા થઈ હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

(શા. સિધ્ધેશ્વરદાસજી - ઈડર)

કાંમલપુર ગામે પ્રથમ સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી સત્સંગનું નવુંજ ગામ કાંમલપુર ખાતે તા. ૧૫-૫-૧૮ ના રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન સુંદર સત્સંગ સભાનું આયોજન થયું હતું. જેમાં સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) અને બાલુ સ્વામી દ્વારા સંપ્રદાયની પરંપરા, શ્રી નરનારાયણદેવની નિષ્ઠા આદિ ઉપર કથા વાર્તાનો સુંદર લાભ ૬૦૦ જેટલા ભક્તોએ લીધો હતો. છેલ્લે નાસ્તા રૂપી પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી દર મહિને નિયમિત સભાનું રૂડું આયોજન કરવામાં આવશે. જેની ગામના ભક્તોએ નોંધ લેવી. (દિનેશભાઈ ચૌધરી યુવક મંડળ માણેકપુર)

શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી ૩૧ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, તથા પૂ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલીનો ૩૧ મો પાટોત્સવ તા. ૪-૩-૧૮ ના રોજ શ્રી ઘનશ્યામભાઈ લાલજીભાઈ ઠક્કરના યજમાનપદે ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે મહાપૂજા, અભિષેક તથા અન્નકૂટ વિધિવતરીતે થયા હતા. પ્રાસંગિક સભામાં જેતલપુર મંદિરના સંતોએ કથાવાર્તાનો લાભ આપી અન્નકૂટ આરતી ઉતારી હતી.

(ઘનશ્યામ આર. ઠક્કર - કલોલી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨૩)

શ્રીમદ્ ભાગવત પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨૩ માં પવિત્ર પુરૂષોત્તમ માસમાં સુદ-૧ થી ૬

દરમ્યાન શા.સ્વા. હરિપ્રિયદાસજીના વક્તાપદે પંચાન્હ પારાયણનું ભવ્ય આયોજન થયું હતું. વક્તાશ્રીએ સંકીર્તન સંગીત સાથે કથા પ્રસંગોને સહજતાથી અને સરળતાથી વર્ણવ્યા હતા. જેનું શ્રવણ કરી સૌ હરિભક્તો ખૂબજ ધન્ય ધન્ય બન્યા હતા.

આ કથાના યજમાન ધમાસણાના (હાલ ગાંધીનગર) સિવિલ એન્જીનીયર પ.ભ. બેચરભાઈ પ્રાણદાસ પટેલ અને ધ.પ. શારદાબેન બેચરભાઈ પટેલ પરિવાર રહ્યાં હતાં.

કથા અંતર્ગત જન્મોત્સવ, રાસોત્સવ જેવા પ્રસંગો ઉત્સાહપૂર્વક ઉજવ્યા હતા. આ પ્રસંગે સોકલી, ટોરડા, ધોળકા, જૂનાગઢ આદિ ધામોથી પધારેલા સંતોના દર્શન આશીર્વાદનો લાભ સૌને મળ્યો હતો.

આ કથા પ્રસંગે ધમાસણા, ઝુંડાલ, સુઘડ, પિપળજ, કોલવડા, મરતોલી અને અંકલેશ્વર આદિ ગામોના મુમુક્ષુઓએ કથા શ્રવણ કરી દિવ્ય લાભ લીધો હતો.

(કોઠારીશ્રી)

કુંડાલ (તા. કડી) ગામમાં પારાયણ

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી અત્રે કુંડાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧-૫-૧૮ થી તા. ૭-૫-૧૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (બાપુનગર)ના વક્તાપદે થઈ હતી. ગામના સર્વે હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. કથા બાદ અલ્પાહાર પ્રસાદ આપવામાં આવતો હતો. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન આનંદ સ્વામીએ કર્યું હતું. સમગ્ર આયોજન કલા ભગત પરિવાર કુંડાળ મંડળે કર્યું હતું.

(લાભુબેન પટેલ)

કુડાસણ (ગાંધીનગર)માં ભવ્ય સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર)ના માર્ગદર્શનથી અ.નિ. અરવિંદભાઈ સોમાભાઈ પટેલ પરિવારના યજમાન પદે પૂ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી તથા પૂ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી દ્વારા તા. ૧૩-૫-૧૮ ને રવિવાર રાત્રે કુડાસણ કાનમ ગ્રીન્સ એન્ડ ફાર્મ ખાતે ભવ્ય સત્સંગ થઈ હતી. મયંક મોદી આદિ કીર્તનકારોએ કીર્તન ભક્તિનો સુંદર લાભ આપ્યો હતો. ઘણાજ ભાવિક ભક્તોએ સત્સંગ સભાનો લાભ લીધો હતો.

(શા. વ્રજભૂષણદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) અધિક માસમાં પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ એપ્રોચ મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી અધિક જેઠ પુરૂષોત્તમ માસમાં શ્રી કનુભાઈ અરજણભાઈ સાચાણીના યજમાનપદે શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે તા. ૧૬-૫-૧૮ થી તા. ૨૨-૫-૧૮ પર્યન્ત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ મંદિર)ના વક્તાપદે શ્રી હરિબલ ગીતા ગ્રંથની સપ્તાહ પારાયણ, સમૂહ મહાપૂજા, અભિષેક, અન્નકૂટ આદિ થયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળની સેવા પ્રેરણા રૂપ હતી. છેલ્લે મહાપ્રસાદ અને રોજે દૈનિક પ્રસાદીનું સરસ આયોજન થયું હતું. શ્રી સ્વામિનારાયણ માસિકના પ્રચાર પ્રસાર રૂપે ૧૧ નવા આજીવન સભ્યો થયા હતા.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

મારૂસણાથી અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તા. ૨૮-૪-૧૮ વૈશાખ સુદ પૂનમના રોજ અત્રે મારૂસણા ગામના હરિભક્તોએ સામૂહમાં મારૂસણા થી કાલુપુર મંદિર શ્રીનરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા યોજી હતી. સ.ગુ. શા. સ્વા. હરિજીવનદાસજી (મોડાસા)ના માર્ગદર્શનથી સવારે સત્સંગ સભા થઈ હતી. જેમાં કોટેશ્વર ગુરુકુળના કથાકાર સંત શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ સર્વોપરી શ્રીહરિનું કથાના રૂપમાં માહાત્મય કહ્યું હતું.

છેલ્લે શા. સ્વા. રઘુવીરચરણદાસજીએ સમસ્ત હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગના યજમાન અ.નિ. પ.ભ. સોમાભાઈ શંકરદાસ પટેલ પરિવાર રહ્યા હતા.

(કોઠારીશ્રી હસમુખભાઈ પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ
મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા-આશીર્વાદથી તથા મૂળી મંદિરના સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણા અને માર્ગદર્શનથી શ્રીહરિ પ્રસાદીભુત સ્થાન એવા રણજીતગઢ ગામે શ્રીહરિકૃષ્ણધામ મંદિરનું ભવ્ય નિર્માણ પૂર્ણ થતા તા. ૬-૫-૧૮ થી તા. ૧૦-૫-૧૮ પર્યન્ત પંચદિનાત્મક મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શા. સ્વા. ધર્મજીવનદાસજી તથા શા. સત્યવંદન સ્વામીના વક્તાપદે સુંદર કથાનું રસપાન હજારો શ્રોતાઓએ કર્યું હતું. ધાર્મિક અને સામાજીક પ્રવૃતિમાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૨ બોટલ જેટલું બ્લેડ એકઠું થયું હતું. ધાર્મિક પ્રવૃત્તિમાં મહાપૂજા, જન્મોત્સવ, વચનામૃત વ્યાખ્યાન માળા, કીર્તન સંધ્યા, અભિષેક, અન્નકૂટ, યુવા મંચ-મહિલા મંચ આદિ સુંદર કાર્યક્રમો થયા હતા. પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી આ પ્રસંગે પધારતા સૌ પ્રથમ મંદિરમાં દર્શન કરી સભામાં વિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ૫૦૦ ઉપરાંત યુવાન સત્સંગીઓ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જ્ઞાનગોષ્ઠિ કરી સૌને રાજી કર્યા હતા. સાથે સાથે બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા અને સર્વે બહેનો, યજમાન પરિવાર આદિ સૌ ઉપર રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. ધામો ધામના અનેક સંતો, મહંતશ્રીઓ અને સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા.

તા. ૧૦-૫-૧૮ ના રોજ સવારમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભાગમન થતા મૂળી દેશના હજારો હરિભક્તોએ દર્શન કરી ભાવવિભોર બન્યા હતા. સૌ પ્રથમ નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ષોડશોપચાર-અભિષેક વિધિવત રીતે કરી કથા પારાયણ અને યજ્ઞની પૂર્ણાહુતિ કરી સભામાં વિરાજમાન થઈ હળવદ વિસ્તારનો નિયમ, નિશ્ચય ને પક્ષ વાળો સત્સંગ ખૂબજ વૃધ્ધિ પામે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. રસ્તામાં ધ્રાંગધ્રામાં આપણું નવનિર્માણ મંદિરનું નિરીક્ષણ કરી ખૂબજ રાજી થયા હતા.

(પ્રતિ. અનિલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

દેવીપુર (ચરાડવા)માં નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા ચરાડવા પાસેના નવા જ એવા દેવીપુર ગામમાં મૂળી મંદિરના શ્રીજીસ્વરૂપ સ્વામી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભવ્ય નિર્માણ પૂર્ણ થતા તા. ૩-૫-૧૮ થી તા. ૭-૫-૧૮ દરમ્યાન મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા. સ્વા. વ્રજવલ્લભદાસજી તથા શા. વિશ્વવિહારી સ્વામીના વક્તાપદે થઈ હતી.

તા. ૭-૫-૧૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ખૂબજ ભવ્યતાથી થઈ હતી. સમગ્ર ગામ ઉપર ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન મોરબી મંદિરના મહંત શા. ભક્તિનંદન સ્વામીએ કર્યું હતું. ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા અને બહેનો નો સત્સંગ જોઈ અતિ રાજી થયા હતા. અત્રે ગામના મંદિરના કોઠારી મનાજીભાઈ, મનસુખભાઈ, અમરતભાઈ, ઘનશ્યામભાઈ અને તેજવજીભાઈ આદિ ભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. (પ્રતિ. અનિલ બી. દુધરેજીયા)

શ્રી સ્વામિનારાયણ મંદિર બલદાણા મૂર્તિ પ્રતિષ્ઠા

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ

પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી મૂળી મંદિર તાબાના બલદાણા ગામે ભાઈઓનું અને બહેનોનું મંદિર જીર્ણ થતા સુંદર નૂતન મંદિરનું નિર્માણ પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૬-૪-૧૮ થી તા. ૨૨-૪-૧૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ. શા. શ્રીજી સ્વામીના વક્તાપદે થઈ હતી. વ્યાખ્યાનમાળા પૂજારી સ્વામી ત્યાગવલ્લભદાસજીના વક્તાદે થયેલ. આ પ્રસંગે સાંસ્કૃતિક ધાર્મિક અને સમાજપયોગી પ્રવૃત્તિ થઈ હતી. બ્લડ ડોનેશન કેમ્પ, વિદ્યાર્થીઓને સ્ટેશનરી, અન્નકૂટ પ્રસાદનું અનાથાશ્રમમાં વિતરણ થયું હતું. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને અત્રેનો સત્સંગ જોઈ ખૂબ રાજી થયા હતા.

તા. ૨૨-૪-૧૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને બન્ને મંદિરોમાં પોતાના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરીને સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. સભા સંચાલન મોરબી મંદિરના મહંત ભક્તિનંદન સ્વામી તથા શા. સ્વા. પ્રેમવલ્લભદાસજીએ શોભાવ્યું હતું. મૂળી અને સુરેન્દ્રનગર મંદિરના સંત-પાર્ષદ મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અત્રે કોલોનીયા મંદિરના પૂજારી ભરત ભગતની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં એપ્રિલ માસના પ્રથમ વિકેન્ડમાં શનિવારના સાંજના ૫ થી ૮ દરમ્યાન સભા થઈ હતી. જેમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે ઠાકોરજી સમક્ષ ધૂન-કીર્તન અને કથા કરવામાં આવી હતી. ભરત ભગતે પ.પૂ. મોટા મહારાજશ્રીની સત્સંગની અનેકવિધ પ્રવૃત્તિને યાદ કરી હતી. યજમાનોનું સન્માન બાદ સંધ્યા આરતી અને શ્રી હનુમાનજીની આરતી કરી સૌએ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પ્રવિણભાઈ શાહ)

શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે હ્યુસ્ટન મંદિરના મહંત સ્વામી નિલકંઠદાસજીની પ્રેરણાથી સત્સંગની સુંદર પ્રવૃત્તિ થાય છે. એપ્રિલ માસના શનિવારના વિકેન્ડમાં સાંજના પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે ઠાકોરજી સમક્ષ શ્રીહરિનામ સ્મરણ મહામંત્ર ધૂન-કીર્તન ભક્તિ અને કથાવાર્તા કરી હતી. સર્વે હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના સુંદર સ્વાસ્થય માટે પરમકૃપાળુ શ્રીહરિને પ્રાર્થના કરી હતી. મહંત સ્વામીએ યજમાનોનું સન્માન આદિ કરી ઠાકોરજીની સંધ્યા આરતી અને શ્રી હનુમાનજી મહારાજની આરતી કરી, નિત્ય નિયમ કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(પ્રવિણકુમાર શાહ)

છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પારસીપની મંદિરના મહંત શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજીની પ્રેરણાથી આપણા પારસીપની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગની પ્રવૃત્તિઓ સુંદર ચાલે છે. હરિભક્તો ખૂબજ મોટી સંખ્યામાં ઉત્સવ સમૈયા પ્રસંગે દર્શનનો લાભ લેવા પધારે છે. એપ્રિલ માસના ત્રીજા વિકમા શનિવારના આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે સૌ સંત-હરિભક્તોએ ઠાકોરજી સમક્ષ તેઓશ્રીના સુંદર સ્વાસ્થય માટે પ્રાર્થના કરીને શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન તથા કીર્તન સમૂહમાં કર્યા હતા. યજમાનોનું સન્માન કરી ઠાકોરજીની સંધ્યા આરતી કરી શ્રી હનુમાનજીની આરતી કરી સૌએ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. (શાહ પ્રવિણભાઈ)

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

તિથિ	રસોઈ આપનાર	ગામ
ચૈત્ર સુદ-૧	એક હરિભક્ત (મોહનથાળ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧	ડૉ. બી. આઈ. પટેલ (મોહનથાળ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧	પટેલ કાનજીભાઈ વિઠ્ઠલદાસ (ચુરમાના લાડુ)	દેલવાડા
ચૈત્ર સુદ-૧	ચૌધરી જેશંગભાઈ માધુભાઈ (શિખંડ પુરી)	બાલવા
ચૈત્ર સુદ-૧	અ.નિ. સ.ગુ. સ્વા. નિલકંઠદાસજી (ચુરમાના લાડુ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧	જાની રસિકભાઈ ભાઈશંકરભાઈ (ચુરમાના લાડુ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૨	વઘાસીયા લલીતભાઈ જાદવભાઈ (ચુરમાના લાડુ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૨	પટેલ પન્નાબેન વિષ્ણુભાઈ (મોહનથાળ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૩	સોની બિપીનચંદ્ર હરિલાલ (મગસ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૪	પટેલ લલીતભાઈ ભગવાનદાસ (મગસ)	ગોઠીબ
ચૈત્ર સુદ-૫	પટેલ બાબુભાઈ નારણભાઈ (દુધપાક માલપુંવા)	માણેકપુર
ચૈત્ર સુદ-૫	અ.નિ. મહેતા ચંદ્રિકાબેન ચંદ્રકાન્તભાઈ (માલપુંવા)	અમદાવાદ
ચૈત્ર સુદ-૫	પટેલ વિનોદભાઈ (દૂધપાક માલપુંવા)	અમદાવાદ
ચૈત્ર સુદ-૬	સ્વામી વિવેકસાગરદાસજી ગુરુ સ્વામી ધર્મસ્વરૂપદાસજી (ગુલાબ જાંબુ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૭	પટેલ નવીનચંદ્ર ગફુરભાઈ (કાજુબદામ મૈસુબ)	ખંભાત
ચૈત્ર સુદ-૭	અ.નિ. સોની અરવિંદભાઈ નારાયણજીભાઈ (બુંદી)	માધાપર-કચ્છ
ચૈત્ર સુદ-૮/૯	સ.ગુ. સ્વા. નિત્યસ્વરૂપદાસજી (ફરાળી - કાજુ બદામ-મૈસુબ)	સરધાર
ચૈત્ર સુદ-૮/૯	રાજીપરા કાનબાઈ રામજી (ફરાળી - કાજુ બદામ-મૈસુબ)	નારણપર-કચ્છ
ચૈત્ર સુદ-૮/૯	શેલત શારદાબા (ફરાળી - કાજુ બદામ-મૈસુબ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧૦	ધાનાણી હંસાબેન તુલસીભાઈ (ડ્રાઈફ્રુટ હલવો)	લીલાવદર
ચૈત્ર સુદ-૧૨	સ.ગુ. સ્વા. નિત્યસ્વરૂપદાસજી (ડ્રાઈફ્રુટ હલવો)	સરધાર
ચૈત્ર સુદ-૧૨	વિરાણી કિરણબેન ભરતભાઈ (ડ્રાઈફ્રુટ હલવો)	
ચૈત્ર સુદ-૧૨	અ.નિ. પટેલ મોહનભાઈ અમીચંદભાઈ (ડ્રાઈફ્રુટ હલવો)	સાપાવાડા
ચૈત્ર સુદ-૧૨	રાબડીયા ગૌતમ કિશોર (ડ્રાઈફ્રુટ હલવો)	કચ્છ
ચૈત્ર સુદ-૧૨	પટેલ અર્પિત રમેશભાઈ (મગસ)	ઝુંડાલ
ચૈત્ર સુદ-૧૩	પટેલ વિરજીભાઈ ખુશાલભાઈ (મગસ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧૩	નમિતા-જાસી- વની (મગસ)	સુખપર-કચ્છ
ચૈત્ર સુદ-૧૩	કાથરોટીયા લાલજીભાઈ બાબુભાઈ (મગસ)	સુરત
ચૈત્ર સુદ-૧૪	પટેલ પન્નાબેન વિષ્ણુભાઈ (મોહનથાળ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧૪	વંડરા પ્રવિણાબેન ધીરજલાલ (મોહનથાળ)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧૪	પટેલ નરેન્દ્રભાઈ ભક્તિભાઈ (કેસર પિસ્તા મઠ્ઠો)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧૪	વેકરીયા રાધાબેન શામજી (મોહનથાળ)	નારણપર-કચ્છ
ચૈત્ર સુદ-૧૫	સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી (ચુરમાના લાડુ)	સરધાર
ચૈત્ર સુદ-૧૬	પટેલ પલકબેન ચંદુભાઈ (સાટા)	અમદાવાદ
ચૈત્ર સુદ-૧૫	શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (ચુરમાના લાડુ)	માંડવધાર
ચૈત્ર વદ-૧	કાલુપુર મહિલા મંડળ (માલપુંવા)	
ચૈત્ર વદ-૧	પટેલ દિનેશભાઈ કાંતિભાઈ (શિખંડપુરી)	આકરૂંદ
ચૈત્ર વદ-૧	પટેલ ડાહીબેન કેશવલાલ (ચુરમાના લાડુ)	ઝુંડાલ
ચૈત્ર વદ-૧	પારેખ અશ્વિન રતિલાલ (ચુરમાના લાડુ)	અમદાવાદ
ચૈત્ર વદ-૧	ઠા. ચંદુજી પ્રતાપજી (મગસ)	પાલજ
ચૈત્ર વદ-૧	અ.નિ. ભાવસાર કાંતાબેન (મોહનથાળ)	અમદાવાદ
ચૈત્ર વદ-૧	લીબડીયા મહિલા મંડળ (મોહનથાળ)	લીબડીયા

તિથિ	રસોઈ આપનાર	ગામ
ચૈત્ર વદ-૧	સોની વિનોદભાઈ મણીલાલ (મગસ)	અમદાવાદ
ચૈત્ર વદ-૧	પટેલ હસમુખભાઈ પરસોતમભાઈ (મગસ)	બાકરોલ
ચૈત્ર વદ-૧	અ.નિ. રસિકભાઈ ભગુભાઈ (મોહનથાળ)	પેથાપુર
ચૈત્ર વદ-૧	અ.નિ. હાલાઈ પ્રેમબાઈ હરજીભાઈ (ચુરમાના લાડુ)	મેઘપર-કચ્છ
ચૈત્ર વદ-૨	પટેલ પુષ્પાબેન (ચુરમાના લાડુ)	અમદાવાદ
ચૈત્ર વદ-૨	કેરાઈ મિલનભાઈ દેવરાજભાઈ (ચુરમાના લાડુ)	નારણપર-કચ્છ
ચૈત્ર વદ-૨	રામાણી માનબાઈ કાનજી (ચુરમાના લાડુ)	ફોટડી-કચ્છ
ચૈત્ર વદ-૩	હિરાણી વનિતાબેન મનજી (ઠારેલો મગસ)	નારણપર
ચૈત્ર વદ-૩	પ્રેમજી કરસન ધ.પ. મેઘબાઈ પ્રેમજી (ઠારેલો મગસ)	ભુજ-કચ્છ
ચૈત્ર વદ-૪	પીંડોરીયા શિવજી પ્રેમજી (ચુરમાના લાડુ)	કચ્છ
ચૈત્ર વદ-૫	ભંડેરી વેલજી હરજી (ચુરમાના લાડુ)	રામપર-કચ્છ
ચૈત્ર વદ-૭	સાં. દિવ્યાબેન હરજીભાઈ (બુંદીના લાડુ)	માંડવી-કચ્છ
ચૈત્ર વદ-૮	માંડલીયા તેજસ (રસપુરી)	અમદાવાદ
ચૈત્ર વદ-૮	પટેલ સુખાભાઈ બી. (મગસ)	ગાંધીનગર
ચૈત્ર વદ-૮	અ.નિ. ભાવસાર તારાબેન વાડીલાલ (બુંદીના લાડુ)	
ચૈત્ર વદ-૮	ડોડીયા રૂષિરાજ દેવેન્દ્રભાઈ (ડ્રાઈફ્રુટ હલવો)	બોપલ
ચૈત્ર વદ-૯	શિવ રાઠોડ (મૈસુબ)	અમેરિકા
ચૈત્ર વદ-૯	જેસાણી ખીમજી શામજી (મૈસુબ)	
ચૈત્ર વદ-૯	ગાજપરીયા જાદવજી મેઘજી (મોતૈયા લાડુ)	
ચૈત્ર વદ-૯	હિરાણી વાલજી કરશન (મોતૈયા લાડુ)	કચ્છ
ચૈત્ર વદ-૯	અગોરા ભગવાનજીભાઈ લાલજીભાઈ (મોતૈયા લાડુ)	અમેરિકા
ચૈત્ર વદ-૧૦	મહિલા મંડળ (મોહનથાળ)	સુરત
ચૈત્ર વદ-૧૦	કેરાઈ કાનજી મનજી (મોહનથાળ)	કચ્છ-ભુજ
ચૈત્ર વદ-૧૦	અ.નિ. રાણપુરા રાજેન્દ્રકુમાર પ્રવિણચંદ્ર (મોતૈયા લાડુ)	અમદાવાદ
ચૈત્ર વદ-૧૨	સ.ગુ. સ્વા. નિત્યસ્વરૂપદાસજી (કાજુ બદામ મૈસુબ)	સરધાર
ચૈત્ર વદ-૧૨	ઠક્કર ધીરૂભાઈ ધરમસિંહભાઈ (મગસ)	અસલગામ
ચૈત્ર વદ-૧૨	પટેલ ધ્રુવલ ઘનશ્યામભાઈ (ડ્રાઈફ્રુટ હલવો)	અમદાવાદ
ચૈત્ર વદ-૧૨	અ.નિ. પટેલ નાનજીભાઈ મોતીભાઈ (નાનભા બ્રહ્મચારી વિભાગ) (મગસ)	ભડીયાદવાળા
ચૈત્ર વદ-૧૨	સાં. રાધાબાઈ (સાટા)	મેઘપર-કચ્છ
ચૈત્ર વદ-૧૪	નુગરા કાશીબેન ભગવાનદાસ નાગરદાસ (મગસ)	ઉંઝા
ચૈત્ર વદ-૧૪	પટેલ શારદાબેન કાંતિલાલ (મોહનથાળ)	અમદાવાદ
ચૈત્ર વદ-૧૪	પટેલ પ્રવિણભાઈ કાંતિલાલ (મગસ)	કુકરવાડા
ચૈત્ર વદ-૧૪	સાપરીયા નિશાંત મહેશભાઈ (મોહનથાળ)	રાજકોટ
ચૈત્ર વદ-૩૦/૧	પટેલ અલ્પેશ રજનીકાંત (મોહનથાળ)	પીજ
ચૈત્ર વદ-૩૦/૧	ભોજાણી વૃતિ કમલેશભાઈ (મોહનથાળ)	ભારાસર-કચ્છ

રણજીતગઢ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી સ્વામિનારાયણ માસિકના ૨૧૬ આજીવન સભ્યો નોંધાયા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તથા તેમના હેતવાળા હરિભક્તોના આર્થિક સહયોગથી શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ (મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ માસિકના ખૂબજ સક્રિય પ્રતિનિધિ શ્રી અનીલભાઈ દુધરેજીયા (ધ્રાંગધ્રા) દ્વારા ૨૧૬ જેટલા શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો નોંધાયા છે. આપણા મોટા ઉત્સવમાં આયોજક સંતો-હરિભક્તોએ આવી સુંદર પ્રવૃતિ કરવા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ખાસ સૂચન છે.

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ અને વિહાન આદિ પરિવાર — લેસ્ટર

૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ) ભૂડીયા કાંતિલાલ કેસરા

૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના લંડન-ફોટડી(કચ્છ) રાજીપા અર્થેઅ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ

૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન

૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ

૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા

૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ

૧૦૦/- પટેલ બળદેવભાઈ વિસાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા

૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી

૧૦૧/- મોદી લીલાબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૫૦૧/- પટેલ ઉષાબેન મુકેશભાઈ ચિ. તીર્થાની તબીયત સારી થઈ તે નિમિત્તે — અમદાવાદ

૨૦૦/- પટેલ ફકીરભાઈ પૌત્ર મૃગાંક એમ.બી.બી.એસ. પાસ થયા તે નિમિત્તે — કપડવંજ

૧૦૦/- ચાંપાનેરી પલક રિતેષ નવું મકાન લીધું તે નિમિત્તે — વિરમગામ

૧૦૦/- ચાંપાનેરી રિતેષ જસુભાઈ નવી ઓફિસ લીધી તે નિમિત્તે — વિરમગામ

૧૦૦૦/- પટેલ પંકજકુમાર કુંવરજીભાઈ વડોદરામાં ગૌરી સિલેકશનના ઉદ્‌ઘાટન નિમિત્તે — મહારાજપુરા

૧૦૦/- પટેલ વિનુભાઈ અંબાલાલ ચિ. ભાણો વેદના જન્મ દિને — ગવાડા

૧૦૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાંદોલ

૨૦૧/- સોની કેતનભાઈ તથા પરેશાબેન એનિવર્સરી નિમિત્તે — અમદાવાદ

૧૦૧/- મોદી રમણલાલ છગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૦૧/- મોદી સીતાબેન રમણલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૦૧/- પટેલ અમરતભાઈ બબલદાસ શ્રીજી પ્રસન્નાર્થે — વડુ

૨૦૦/- પટેલ કોકીલાબેન કેશવલાલ ભરતભાઈએ ઓસ્ટ્રેલીયામાં ઘર લીધું તે નિમિત્તે — ગાંધીનગર

૧૦૧/- વ્યાસ શશીકાંત પ્રભાશંકર ચિ. પૌત્ર મહર્ષિના જન્મ દિને — ગાંધીનગર

૨૫૦/- પટેલ હરિકૃષ્ણભાઈ ભોળાભાઈ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે — વિહાર

૨૫૦/- પટેલ ગીતાબેન હરિકૃષ્ણભાઈ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે — વિહાર

૨૦૦/- પટેલ ધાર્મિક વિનાયકભાઈ એચ-૧ થયા તે નિમિત્તે — નાંદોલ

૧૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ડાંગરવા

૧૦૦/- અ.નિ. પટેલ ઈશ્વરદાસ કુલદાસ ૩૦ મી પુણ્યતિથિ નિમિત્તે — ગોવિંદપુરાવેડા

૧૦૧/- પટેલ કનુભાઈ મથુરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગવાડા

૫૦૦/- જાદવ ધીરૂભાઈ ચિ. નિમેષ, કલ્પા, ધ્રુપદને અમેરિકાના વિઝા નિમિત્તે — રાજકોટ

૨૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — સેટેલાઈટ

૧૦૧/- પટેલ જયમીન ચિનુભાઈ જન્મ દિને — ઉનાવા

૧૦૧/- પટેલ આર્યાબેન ચિરાગભાઈ જન્મ દિને — પોર

૨૦૦/- પટેલ ધ્યાન મનોજભાઈ જન્મ દિને — ગવાડા

૧૦૦/- પટેલ રોહિતભાઈ બળદેવભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે — માણેકપુર

૧૦૦/- કાછીયા મંજુલાબેન હર્ષદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલાસિનોર

૫૦૦/- પટેલ મહેન્દ્રભાઈ બકોરભાઈ હંસાબેન અને સાહિલને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે — ઝુંડાલ

૧૦૧/- પટેલ કેયા રજનીકુમાર એડમીશન નિમિત્તે — અમદાવાદ

૧૦૧/- પટેલ જીયા રજનીકુમાર એડમીશન નિમિત્તે — અમદાવાદ

૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા

૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા

૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી

૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી

૧૦૦/- રાઠોડ શિતલબેન પરેશ સ્વાસ્થ્ય સારૂં થયું તે નિમિત્તે — મુંબઈ

૧૦૦/- પટેલ યશ જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે- — લવારપુર

૧૦૧/- પટેલ નીપાબેન કમલેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — ડેમાઈ

૧૦૦/- પટેલ રાહિલ ગૌરાલી - બિન્તાબેન જન્મ દિને — ડાંગરવા

૧૦૦/- પટેલ અરૂણાબેન કિરીટભાઈ ચિ. પૌત્ર રાહિલના જન્મ દિને — ડાંગરવા

૧૦૦/- પટેલ ભોળાભાઈ ચતુરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ભાઉપુરા

૧૧૦/- પટેલ રોહિતભાઈ પ્રહલાદભાઈ શ્રી નરનારાયણદેવને રસોઈ નિમિત્તે — ભાઉપુરા

૧૦૦/- પટેલ અમરતભાઈ પૂંજાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સઈજ

૧૦૧/- પટેલ ભગવતીબેન અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કલોલ

૧૦૦/- ચૌધરી શાંતાબેન જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા

૧૦૦/- ચૌધરી સમીરભાઈ કરશનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાલવા

૨૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ તા. ૨-૫ જન્મ દિને — બાયડ

૧૦૦/- પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ

૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — પરઢોલ

૧૦૦/- પટેલ જગદીશભાઈ હેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — પરઢોલ

૧૦૦/- પટેલ રમણભાઈ ભીખાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ભાઉપુરા

૧૦૦/- પટેલ જયંતીભાઈ વાલજીદાસ ચિ. ખુશ-મેશ્વા ને સારા ટકા નિમિત્તે — ગવાડા

૧૦૦/- વાઘેલા રામબાબા કેશરીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૦/- વાઘેલા રતનાબા જામાભા શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૦/- વાઘેલા વિલાસબા કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૦/- વાઘેલા દેવુબા રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૧/- પટેલ હિમાંશુ જીતેન્દ્રભાઈ ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે — પલસાણા

૧૦૧/- પટેલ ડેનીશ જીતેન્દ્રભાઈ કેનેડા ગયા તે નિમિત્તે — પલસાણા

૧૦૧/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — જાનવડ

૧૦૧/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે — જાનવડ

૧૦૦/- અ.નિ. પટેલ શંભુભાઈ અંબારામભાઈના સ્મરણાર્થે — મારૂસણા

૧૦૦/- અ.નિ. પટેલ શૈલેષકુમાર બાબુલાલ પુણ્ય તિથિ નિમિત્તે — માણસા

૧૦૦/- શ્રી નરનારાયણદેવ પદયાત્રા નિમિત્તે — મારૂસણા

૨૦૦/- પટેલ તારાબેન અમૃતલાલ કડી નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે — દેઉસણાવાળા

૫૦૧/- જાદવ અજમલભાઈ એમ. રતનપર
પી.જી.વી.સી.એલ.માંથી નિવૃત્તિ નિમિત્તે
૫૦૧/- જાદવ અજમલભાઈ એમ. જમાઈશ્રી ધર્મેન્દ્રસિંહ હેરમા રતનપર
ડે.કમિ. આઈ.આર.એસ. પ્રમોશન નિમિત્તે
૨૦૧/- પટેલ પિયુષભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- ચૌધરી હર્ષિલ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ કરજીસણ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી સતીષભાઈ કમાભાઈ કાલીયાણા
દુકાનનું ૧ વર્ષ પૂર્ણ થયું નિમિત્તે
૧૦૦/- ચુડાસમા કૃષ્ના ગીરીરાજસિંહ શ્રીમંત પ્રસંગે જાંજર
૧૫૧/- પ્રજાપતિ પ્રવિણભાઈ શંભુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાણસ્મા
૧૦૦/- પટેલ હર્ષકુમાર ઘનશ્યામભાઈ જન્મ દિને ખેરોલ
૨૦૧/- સિંધવ રણછોડભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વણી
૧૦૦/- પટેલ મિત પ્રણવભાઈ ધો-૨ માં ૯૮ ટકા નિમિત્તે બાવળા
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૦/- પટેલ સતીષકુમાર દ્વારકાબેન શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૫૦૦/- પટેલ જોયલ રમેશભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વહેલાલ
૧૦૦/- પટેલ કૈલાશબેન આર. શ્રીજી પ્રસન્નાર્થે ઘનસુરા
૫૦૦/- નાયર નીશી ગીરીજન શ્રીજી પ્રસન્નાર્થે કોલ્હાપુર
૧૦૦/- કા. વિમલકુમાર નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઘનસુરા
૧૦૦/- પટેલ સહજકુમાર દિપન્સભાઈ જન્મ દિને સાયરા
૧૦૦/- પટેલ લિયાન પંકજકુમાર જન્મ દિને વિહાર
૧૦૦/- પટેલ મયુરકુમાર અમૃતલાલ પુત્રીના જન્મ દિને વિહાર
૨૫૧/- ગજજર કાંતિભાઈ કે. નિલ આર. ગજજરના લગ્ન પ્રસંગે ગાંધીનગર
૧૦૦૦/- અમીન વનલીલાબેન ઠાકોરભાઈ જન્મ દિને અમેરિકા (ચલોડા)
૨૦૧/- અ.નિ. પટેલ જશોદાબેન બાબુલાલના સ્મરણાર્થે માણસા
૨૫૧/- નાયક રાજુભાઈ નટવરલાલ અમદાવાદ
કલાસ-૨ માં પ્રમોશન નિમિત્તે
૨૫૧/- પટેલ પંકજભાઈ વિઠ્ઠલભાઈ ચિ. પુત્ર નૌકિતના લગ્ન પ્રસંગે ઉનાવા
૨૫૧/- પટેલ ભીખાભાઈ નારણભાઈ ધમાસણા
ચિ. સુપુત્રી નિશાના લગ્ન પ્રસંગે
૧૦૦/- પટેલ શંકરભાઈ મોતીભાઈ નટુભાઈની પુણ્ય તિથિ નિમિત્તે ઉનાવા
૧૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ કરણ પરેશ તા. ૧૩-૫ જન્મ દિને મુંબઈ
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ અંલાલાલ ભગત એનિવર્સરી નિમિત્તે વડુ
૧૦૦/- મોદી વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ ચિરાગ ઘનશ્યામભાઈ મોખાસણ
અમેરિકામાં નવા સ્ટોર નિમિત્તે
૧૦૦/- પટેલ પ્રતિકાબેન પ્રવિણભાઈ મોખાસણ
અમેરિકામાં ગ્રીન કાર્ડ મળ્યું તે નિમિત્તે
૧૫૦/- પટેલ પ્રતિષ્ઠા પ્રિતેશકુમાર ચિ. ભાણી પ્રિન્સના જન્મ દિને ન્યુઝીલેન્ડ
૨૦૦/- માર ડીયા નરસિંહભાઈ સવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અગતરાઈ
૧૦૧/- પટેલ રાજુભાઈ જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- ડાભી મિતલબેન દિનેશસિંહ જન્મ દિને ડાંગરવા
૧૦૧/- ડાભી કોકીલાબા દિનેશસિંહ ડાંગરવા
ગોપાલજીની લગ્ન તિથિ નિમિત્તે

૧૦૦/- સિંધવ વનરાજસિંહ મધુબા કરશનભા સિંધવ બળોલ-ભાલ
બીજી પુણ્ય તિથિ નિમિત્તે
૨૫૧/- રાઠોડ મનસુખભાઈ જીવરાજભાઈ ધૂડકોટ
ચિ. સુપુત્રી પ્રવિણાના લગ્ન પ્રસંગે
૨૫૧/- ટાંક નરસીભાઈ પીતાંબરભાઈ ચિ. ભરતના લગ્ન પ્રસંગે ધૂડકોટ
૫૦૧/- પટેલ અનીલભાઈ ભગવાનદાસ ચિ. કરિશ્માના લગ્ન પ્રસંગે પોર
૨૦૦/- પટેલ વિનીત ધર્મેશભાઈ ચિ. વિશાના જન્મ દિને સાબરમતી
૨૫૧/- પટેલ પંકજભાઈ ચંદુલાલ ચિ. પૌત્રી જીયાના જન્મ પ્રસંગે વાગોસણા
૧૫૦/- પટેલ મનુભાઈ મોતીભાઈ નાંદોલ
ચિ. અવીર વિરલ પટેલ જન્મ દિને
૧૦૧/- પટેલ દશરથભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે વડુવાળા
૧૦૧/- પટેલ લાભુબેન રણછોડભાઈ જન્મ દિને આણંદપુર-ભાલ
૧૦૧/- પટેલ આતિક ભીખાભાઈ સોજા
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ કુંજન કીર્તિકુમાર કેનેડાના સ્ટુડન્ટ વિઝા નિમિત્તે વિહારવાળા
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ લગ્ન તિથિ નિમિત્તે પોર
૨૫૧/- પટેલ નંદુભાઈ બી. સાબરમતી
ચિ. અમિત-પિત્સુને કેનેડાના પી.આર. નિમિત્તે
૨૦૦/- પટેલ પિનલબેન હસમુખભાઈ કે. કોઠાવાળા
પગારમાં વધારો થયો તે નિમિત્તે
૫૦૦/- પટેલ જીજ્ઞાબેન સુમનભાઈ ચિ. ભાણી હિયાના જન્મ પ્રસંગે વાવોલ
૧૦૦/- સુહાગીયા સુહાસીની દિપેનભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- ઠક્કર અપેક્ષાબેન અંકિતકુમાર પગાર વધ્યો તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ઠક્કર નટવરલાલ મોહનલાલ વિરમગામ
નવું પગાર પંચ મળ્યું તે નિમિત્તે
૧૦૦/- ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ અમદાવાદ
મેરેજ એનિવર્સરી નિમિત્તે
૨૦૧/- પટેલ અક્ષય શૈલેષભાઈ જન્મ દિને ન્યુ રાણીપ
૧૦૦/- ભાવસાર પ્રેયા ઉર્વિષભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ સીતારામ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉંઝા
૧૦૦/- મકવાણા જીયાન્સી વિમલભાઈ જન્મ દિને લીંબડી
૧૦૧/- મકવાણા જયંતીલાલ માનસંગભાઈ મકાન લીધું તે નિમિત્તે લીંબડી
૫૦૧/- ઠક્કર ચંદુલાલ પોપટલાલ ગાંધીનગર
ઉત્તરાખંડની સફળ યાત્રા નિમિત્તે
૫૦૦/- પટેલ જુહીલ હર્ષદભાઈ જન્મ દિને કાળીગામ
૧૦૦/- અ.નિ. પટેલ પ્રકાશકુમાર ગોવિંદભાઈ પુણ્ય તિથિ નિમિત્તે નિકોલ
૨૦૦/- પટેલ રંજનબેન પ્રકાશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નિકોલ
૧૦૦/- મોદી નટવરલાલ અંબાલાલ પુરુષોત્તમ માસ નિમિત્તે પ્રાંતિજ
૫૦૧/- પટેલ દ્રષ્ટિ ચંદ્રકાંતભાઈ બેંગ્લોર જોબ મળી તે નિમિત્તે ઝુંડાલ
૧૦૦/- જાદવ દિવ્યાબેન ધીમંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મોરબી
૧૦૦/- પટેલ રમણભાઈ મરઘાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- પટેલ લલીતાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી

અક્ષરવાસ


શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સંત (હાલ વડનગર મંદિર) સ.ગુ. સ્વામી બાલમુકુન્દદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી (ઉ. ૭૧ વર્ષ) તા. ૪-૫-૧૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા વડનગર મંદિરમાં અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.









૧. સુરાવાડ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.બાલક મહારાજશ્રી તથા સભામાં હરિભક્તો.૨.નારણપુરા મંદિર દ્વારા હરિદ્વારમાં આયોજીત ભાગવત સપ્તાહમાં વક્તાનું પૂજન કરતા યજમાન પરિવાર તથા કથા શ્રવણ કરતા શ્રોતા.૩. ક્રિયાવાડી (બાપુનગર)મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૪.પંચવટી ક્લોસના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.બાલક મહારાજશ્રી.૫. વડનગર મંદિરમાં ઠાકોરજીને ચંદનના વાઘાના દર્શન.

Registered under RNI is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020










સમસ્ત સત્સંગી હરિભક્તોને સૂચન


આપણા સર્વે સત્સંગીઓને ખાસ જણાવવાનું જે આપના ગામડાના જૂના ઘરોમાં જૂના કોતરણીકામવાળા દરવાજા, બારીઓ, કબાટો હોય તો આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં તેની ખાસ જરૂર છે.

આપણા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો સંકલ્પ છે. આપની ઈચ્છા હોય તો સેવાથી અથવા તેની જે કિંમત હોય તે મુજબ આપને અમને નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

- આજ્ઞાથી

૯૦૯૯૦૯૮૯૬૯







Praful Khamani